dailyhunt संજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 301 | AD - 2026, Ashadh Vad -08 | Thursday, Dt. 06-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### દેશમાં વધુ વિદેશી મૂડી આકર્ષવા, સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા અને વેપાર કરવાની સરળતા વધારવાના હેતુથી

# લોકસભામાં નવુ કર સુધારા બીલ રજૂ કરાયું

નવી દિલ્હી,તા.૦૫

કેન્દ્ર સરકારે દેશને વૈશ્વિક રોકાણ, ઉત્પાદન અને માહિતી સંગ્રહના ક્ષેત્રમાં વધુ મજબૂત બનાવવા માટે નવું કર સુધારા બિલ રજૂ કર્યું છે. લોકસભામાં પસાર થયેલું આ બિલ માત્ર કાનૂની ફેરફાર નહીં પરંતુ દેશમાં વધુ વિદેશી મૂડી આકર્ષવા, સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા અને વેપાર કરવાની સરળતા વધારવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યું છે. નવા નિયમો હેઠળ ઉત્પાદન ઉદ્યોગ, માહિતી કેન્દ્રો, હીરા વેપાર, ભંડોળ સંચાલન અને નાના રોકાણકારોને મહત્વપૂર્ણ કર રાહતો આપવામાં આવી છે.ઈલેક્ટ્રોનિક સાધનોના ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે સરકારે મોટો નિર્ણય લીધો છે. અગાઉ વિદેશી કંપનીઓને ભારતમાં રાખવામાં આવતા માલસામાન માટે ચોક્કસ કર ચૂકવવો પડતો હતો, જેના કારણે અનેક કાનૂની મુશ્કેલીઓ ઉભી થતી હતી. હવે આ કર સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યો છે અને આગામી ૧૫ વર્ષ સુધી રાહત આપવામાં આવશે. આ ઉપરાંત ભારતીય કંપનીઓને મશીનરી આપતી વિદેશી કંપનીઓને મળતી કર છૂટનો સમયગાળો પણ વધારી દેવામાં આવ્યો છે. સરકારનું માનવું છે કે આ નિર્ણયથી દેશમાં નવા કારખાનાઓ સ્થાપવામાં ઝડપ આવશે અને રોજગારીની નવી તકો ઊભી થશે.નાના રોકાણકારોને પણ આ બિલમાં વિશેષ રાહત આપવામાં આવી છે. મિલકત અને માળખાકીય વિકાસ સંબંધિત ભંડોળ યોજનાઓમાં રોકાણ કરનાર લોકોને



મળતું ડિવિડન્ડ હવે ફરીથી કરમુક્ત રહેશે. અગાઉ કેટલાક નિયમોના કારણે રોકાણકારોને કર ચૂકવવો પડતો હતો, પરંતુ નવા સુધારાથી તે મુશ્કેલી દૂર થઈ ગઈ છે. સરકારના જણાવ્યા પ્રમાણે કંપની સ્તરે સામાન્ય વધારાનો બોજ આવશે પરંતુ તેનો અસર નાના રોકાણકારો પર નહીં પડે. દેશમાં મોટા પાયે માહિતી કેન્દ્રો ઉભા કરવા માટે પણ નિયમોમાં સરળતા લાવવામાં આવી છે. હવે માહિતી કેન્દ્ર શરૂ કરવા માટે અલગ અલગ મંજૂરી લેવાની જરૂર નહીં રહે. ઉપરાંત ભાડે લેવામાં આવેલી જમીન અથવા મકાનમાં પણ આધુનિક માહિતી કેન્દ્ર શરૂ કરી શકાશે. આ નિર્ણયથી શરૂઆતના ખર્ચમાં ઘટાડો થશે અને નવા રોકાણકારોને પ્રોત્સાહન મળશે.હીરા વેપારને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવવા માટે સુરત અને મુંબઈના વિશેષ વેપાર વિસ્તારોમાં હીરાના પ્રદર્શન અને ખરીદ વેચાણને પણ આગામી ૧૫ વર્ષ માટે કરમુક્ત કરવામાં આવ્યું છે. આ રાહતનો લાભ માત્ર વિદેશી ખાણ કંપનીઓને જ નહીં પરંતુ તેમના પ્રતિનિધિઓ, વેપારીઓ અને હરાજી સંચાલકોને પણ મળશે. સરકારને આશા છે કે આ નિર્ણયથી વૈશ્વિક હીરા વેપારનો મોટો હિસ્સો ભારતમાં આવશે. ભંડોળ સંચાલન ક્ષેત્રમાં પણ મહત્વના સુધારા કરવામાં આવ્યા છે. વિદેશી ભંડોળનું સંચાલન કરતા ભારતીય નિષ્ણાતોને દેશમાં કામ કરવા માટે વધુ સરળતા મળશે. અગાઉ અનેક શરતો અને કાગળિયાં પ્રક્રિયાઓના કારણે મુશ્કેલી પડતી હતી, જ્યારે હવે નિયમોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટાડવામાં આવી છે.

સરકારનું માનવું છે કે આ સુધારાથી વધુ વિદેશી રોકાણ આવશે, નાણાકીય પ્રવૃત્તિઓમાં વધારો થશે અને દેશની અર્થવ્યવસ્થાને લાંબા ગાળે મજબૂતી મળશે.

# જંતર-મંતર પર આતંકી હુમલાનું ISIનું કાવતરું નિષ્ફળ, ચાર સગીરો સહિત ૯ આરોપીઓ ઝડપાયા

અમૃતસર,તા.૦૫

પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી **ISI** દ્વારા દિલ્હીના જંતર-મંતર ખાતે **NEET** પેપર લીક મુદ્દે ચાલી રહેલા વિરોધ પ્રદર્શન દરમિયાન આતંકવાદી હુમલો કરવાની યોજના ઘડવામાં આવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આ મામલે પંજાબ પોલીસે ચાર સગીરો સહિત કુલ નવ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ આ સમગ્ર કાવતરું પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલરના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યું હતું.




તપાસ દરમિયાન પોલીસે બે સરહદ પાર કાર્યરત આતંકવાદી મોડ્યુલનો પણ પર્દાફાશ કર્યો છે. આરોપીઓના કબજામાંથી ત્રણ ગેરકાયદેસર પિસ્તોલ, જીવતા કારતૂસ, ચાર પેટ્રોલ બોમ્બ, સીસીટીવી કેમેરા અને એક મોટરસાઈકલ જપ્ત કરવામાં આવી છે. આ જપ્તી બાદ સુરક્ષા એજન્સીઓએ સમગ્ર નેટવર્ક અંગે વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ કમિશનર ગુરપ્રીત સિંહ ભુલ્લરે જણાવ્યું કે વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું હતું ત્યારે આરોપીઓ ટ્રેન મારફતે દિલ્હી પહોંચ્યા હતા. તેમને હુમલા માટે જરૂરી પેટ્રોલ બોમ્બ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. જોકે જંતર-મંતર વિસ્તારમાં દિલ્હી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત અને સતત દેખરેખ હોવાથી આરોપીઓ પોતાના કાવતરાને અંજામ આપી શક્યા નહોતા. હાલ તમામ આરોપીઓની પૂછપરછ ચાલી રહી છે અને આ કેસમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

# વિપક્ષનો જંતર-મંતર પોલીસ કાર્યવાહી, દાન ચોરી વિવાદ સહિતના મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ

નવી દિલ્હી,તા.૦૫

નવી દિલ્હીઃ સંસદના મોનસૂન સત્ર દરમિયાન બુધવારે ફરી એકવાર ભારે હોબાળો જોવા મળ્યો હતો. સત્ર શરૂ થાય તે પહેલાં વિપક્ષી દળોના નેતાઓએ સંસદ પરિસરમાં ગાંધી પ્રતિમાથી મકર દ્વાર સુધી વિરોધ માર્ચ યોજ્યો હતો. આ માર્ચમાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી સહિત અનેક વિપક્ષી સાંસદો જોડાયા હતા. વિપક્ષે યુવાનો અને વિદ્યાર્થીઓને લગતા મુદ્દાઓ પર તાત્કાલિક ચર્ચાની માંગ સાથે સરકાર સામે



વિરોધ નોંધાવ્યો હતો.વિપક્ષે ૨૦ જુલાઈએ જંતર-મંતર ખાતે પ્રદર્શન દરમિયાન થયેલી કથિત પોલીસ કાર્યવાહીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આંદોલનકારીઓ પર પેલેટ ગન ચલાવવાનો આદેશ કોના દ્વારા આપવામાં આવ્યો હતો તે અંગે ગૃહમંત્રી અમિત શાહ પાસેથી સંસદમાં જવાબ માંગ્યો હતો. આ દરમિયાન દાન ચોરીનો મુદ્દો પણ સંસદમાં ગાજ્યો હતો. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અને તપાસ એજન્સીઓની કામગીરી અંગે સવાલો ઉઠાવ્યા હતા. બીજી તરફ લોકસભામાં ભારે હોબાળા વચ્ચે નાણામંત્રીએ સંશોધન અને વિનિયોગ વિધેયક રજૂ કર્યા, જે ધ્વનિમતથી પસાર થયા હતા. સતત વિરોધને કારણે બંને સદનોની કાર્યવાહી સ્થગિત કરાઈ હતી. કોંગ્રેસે જંતર-મંતર ઘટનાની ચર્ચા તેમજ નવા દલબદલ વિરોધી કાયદા પર વિશેષ ચર્ચાની માંગ સાથે સ્થગન પ્રસ્તાવની નોટિસ પણ આપી છે.

### ભારે વરસાદને કારણે કેરળમાં અત્યાર સુધીમાં કુલ ૨૫ લોકોના થયા મોત

# ઝારખંડમાં વીજળી પડવાથી ૧૪ લોકોના મોત

નવી દિલ્હી,તા.૦૫

દેશના અનેક રાજ્યોમાં સતત વરસી રહેલો ભારે વરસાદ હવે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. ઝારખંડમાં મંગળવારે અલગ-અલગ વિસ્તારોમાં વીજળી પડવાની ઘટનાઓમાં કુલ ૧૪ લોકોના મોત થયા છે, જ્યારે ૮ લોકો ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે. ગિરિડીહ જિલ્લામાં સૌથી વધુ ૯ લોકોના મોત થયા છે, જ્યારે દુમકામાં ૩ અને



લાતેહારમાં ૨ લોકોના જીવ ગયા છે. સ્થાનિક તંત્ર દ્વારા અસરગ્રસ્ત પરિવારોને મદદની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર જિલ્લામાં પણ વરસાદી દુર્ઘટનાઓમાં ૩ લોકોના મોત થયા છે. જેમાં બે બાળકો પાણી ભરાયેલા ખાડામાં ડૂબી જતાં મૃત્યુ પામ્યા હતા, જ્યારે એક ૨૫ વર્ષીય યુવક પર વીજળી પડતા તેનું મોત થયું હતું.બીજી તરફ કેરળમાં ૧ ઓગસ્ટથી સતત વરસી રહેલા વરસાદે જનજીવનને ભારે અસર પહોંચાડી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૫ લોકોના મોત થયા છે અને ૪ લોકો હજુ પણ ગુમ હોવાનું જણાવાયું છે. પૂર અને વરસાદને કારણે હજારો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. રાજ્ય સરકારના જણાવ્યા મુજબ ૧૮ હજારથી વધુ લોકો રાહત શિબિરોમાં આશરો લઈ રહ્યા છે. પથનમથિટ્ટા, કોટ્ટાયમ અને અલપ્પુઝા જિલ્લાઓ સૌથી વધુ પ્રભાવિત બન્યા છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદ તથા ભૂસ્ખલનને કારણે ૩૦૦થી વધુ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. ઉત્તરાખંડના દેહરાદૂન અને બાગેશ્વરમાં ધોરણ ૧૨ સુધીની શાળાઓમાં આજે રજા જાહેર કરવામાં આવી છે.

# કિરેન રિજિજુ અને રાહુલ ગાંધી વચ્ચે બેઠક યોજાયા બાદ સંસદનું ખાસ સત્ર બોલાવવાની તૈયારીઓ


નવીદિલ્હી,તા.૫

નવી દિલ્હીમાં સંસદીય ગતિરોધ ઉકેલવા કિરેન રિજિજુ અને રાહુલ ગાંધી વચ્ચે બેઠક યોજાઈ હતી. ૧૫ ઓગસ્ટ પછી, ૧૬ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન સીમાંકન બિલ પર ચર્ચા કરવા ખાસ સત્ર બોલાવવાની શક્યતા છે. સરકાર સર્વસંમતિ સાધવા વિવિધ વિપક્ષી નેતાઓ સાથે સંપર્ક કરી રહી છે. આગામી અઠવાડિયે એફસીઆરએ સુધારા બિલ રજૂ કરવાની પણ તૈયારી છે. બીજી તરફ, કોંગ્રેસ પાર્ટીએ સીમાંકન બિલનો સ્પષ્ટ વિરોધ કરવાની જાહેરાત કરી દીધી છે.







શેડુભાર ખાતે નવી GIDCને મંજૂરી મળતા વેપારીઓમાં હર્ષોલ્લાસ

# અમરેલીના ઉદ્યોગકારોએ રાજ્ય સરકારનો વ્યક્ત કર્યો આભાર

અમરેલી, તા.૦૫







અમરેલી જિલ્લાના શેડુભાર ગામ ખાતે નવી GIDCને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવતા જિલ્લાના ઉદ્યોગકારો અને વેપારીઓમાં આનંદની લાગણી જોવા મળી છે. આ મહત્વપૂર્ણ નિર્ણય બદલ અમરેલીના વિવિધ ઉદ્યોગ અને વેપાર સંગઠનોના પ્રતિનિધિઓએ ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના આગેવાનોની મુલાકાત લઈ આભાર વ્યક્ત કર્યો હતો. પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી જીતુ વાઘાણી, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા તેમજ રાજ્યમંત્રી અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાનું સન્માન કરી અભિવાદન કર્યું હતું. પ્રતિનિધિમંડળમાં GIDC વેપારી એસોસિએશન અમરેલી, અમરેલી વેપારી મંડળ, ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ, ઓઈલ મિલ એસોસિએશન, સ્પિનિંગ એસોસિએશન સહિત જિલ્લાના વિવિધ ઉદ્યોગકારો અને વેપારીઓ જોડાયા હતા. આગેવાનોને ખેસ પહેરાવી સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું તેમજ આભારપત્ર આપી રાજ્ય સરકારના નિર્ણયને આવકારવામાં આવ્યો હતો. ઉદ્યોગકારોના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે શેડુંભાર ખાતે નવી GIDC શરૂ થવાથી અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળશે. નવા ઉદ્યોગોની સ્થાપનાથી સ્થાનિક યુવાનો માટે રોજગારીની તકોમાં વધારો થશે તેમજ નાના અને મધ્યમ ઉદ્યોગોને પણ વિકાસ માટે નવી તક મળશે. જિલ્લાના આર્થિક વિકાસને મજબૂતી મળશે અને રોકાણકારો માટે અનુકૂળ વાતાવરણ ઊભું થશે તેવી આશા પણ વ્યક્ત કરવામાં આવી હતી.પ્રતિનિધિમંડળે નવી મંજૂર થયેલી GIDCને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) તરીકે જાહેર કરવાની પણ રજૂઆત કરી હતી. તેમનું માનવું છે કે જો આ વિસ્તારને SEZનો દરજ્જો મળશે તો મોટા પાયે નવા ઉદ્યોગો આકર્ષાશે, સ્થાનિક રોજગારીમાં વધારો થશે અને અમરેલી જિલ્લો રાજ્યના મહત્વના ઔદ્યોગિક કેન્દ્ર તરીકે ઉભરી શકશે.રાજ્ય સરકારના પ્રતિનિધિઓએ પણ ઉદ્યોગકારોને વિશ્વાસ આપ્યો હતો કે શેડુભાર GIDCના વિકાસ માટે જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. માર્ગ, વીજળી, પાણી અને અન્ય માળખાકીય સુવિધાઓના વિકાસ સાથે ઉદ્યોગોને જરૂરી સહાય અને માર્ગદર્શન આપવા માટે સરકાર પ્રતિબધ્ધ હોવાનું જણાવાયું હતું.

ઉદ્યોગકારોને દરેક તબક્કે સરકારનો સહયોગ મળતો રહેશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી. આ આભાર મુલાકાતમાં અમરેલીના ઉદ્યોગકારો તથા વેપારી મંડળ તથા વિવિધ એસોસિઅશન તરફથી દિનેશભાઈ ડી ભુવા, કનુભાઈ ગોજારીયા, જયવંતભાઈ ફીણાવા, વિઠ્ઠલભાઈ બાંભરોલીયા, જયસુખભાઈ દેસાઈ. કેતનભાઈ સોની, કાળુભાઈ ભંડેરી, અરજણભાઈ શિંગાળા, અનિલભાઈ પાટીદાર, ચતુરભાઈ અકબરી, હરેશભાઈ સાદરાણી, સંજયભાઈ રામાણી, યોગેશભાઈ ગણાત્રા, રાકેશભાઈ સાવલિયા, લાલભાઈ ગઢિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. નવી GIDCને કારણે અમરેલી જિલ્લાના ઔદ્યોગિક વિકાસને નવી દિશા મળશે તેવી આશા ઉદ્યોગજગતે વ્યક્ત કરી છે.

**મુખ્યમંત્રી સહિત રાજ્યના આગેવાનોનું સન્માન, નવી GIDCને SEZ જાહેર કરવાની પણ રજૂઆત**

# અમરેલીમાં સાંસદ પપ્પુ યાદવના વિરોધમા સંતોની રેલી યોજાઈ

**અપમાનજનક ટીપ્પણી સામે કલેક્ટરને આવેદન આપી કડક કાર્યવાહીની કરાઈ માંગ**

અમરેલી,તા.૦૫



અમરેલીમાં સંત સમાજના નેતૃત્વ હેઠળ એક મોટો વિરોધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંસદ પપ્પુ યાદવ દ્વારા આપવામાં આવેલા અપમાનજનક નિવેદન સામે લોકોમાં અને સાધુ-સંતોમાં ખુબ ગુસ્સો જોવા મળ્યો હતો. આ કાર્યક્રમની શરુઆત નાગદેવતા મંદિરથી થઈ હતી. ત્યાર પછી રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી તરફ આગળ વધ્યા હતા. આ રેલીમાં મોટી સંખ્યામાં સાધુ, મહંતો અને વિવિધ ધાર્મિક સંસ્થાના લોકો હાજર રહ્યા હતા.રેલી કલેક્ટર કચેરીએ પહોંચીને ત્યાં કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં માંગણી કરવામાં આવી કે સાંસદ પપ્પુ યાદવ સામે કડક કાયદાકીય તપાસ થાય અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. ભવિષ્યમાં કોઈ પણ નેતા કે વ્યક્તિ સાધુઓ વિશે આવું ખરાબ બોલે નહીં તે માટે કડક પગલાં ભરવા જોઈએ. સંતોએ જણાવ્યું કે સાધુ સમાજ આપણી સંસ્કૃતિનો મુખ્ય આધાર છે અને તેનું અપમાન ક્યારેય ચલાવી લેવાય નહીં.આ વિરોધ પ્રદર્શનમાં વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારો તેમજ અન્ય સામાજિક અને ધાર્મિક સંગઠનોના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. આખો કાર્યક્રમ શાંતિપૂર્ણ અને શિસ્તબધ્ધ રીતે પૂરો થયો હતો. બધા સંગઠનોએ ભેગા મળીને આપણી સનાતન સંસ્કૃતિ અને પરંપરાના રક્ષણ માટે હંમેશા એક થઈને કામ કરવાની ખાતરી આપી હતી.આ વિરોધ પ્રદર્શનથી સ્થાનિક તંત્ર અને રાજકીય વર્તુળોમાં મોટી ચર્ચા જાગી છે. લોકો અને ધાર્મિક નેતાઓ માંગ કરી રહ્યા છે કે આ બાબતે ઝડપથી નિર્ણય લેવામાં આવે જેથી ધાર્મિક લાગણીઓને વધુ ઠેસ ના પહોંચે તેવી માંગ કરવામાં આવી છે.

# અમરેલી કલેક્ટરની માર્ગ સલામતી સમિતિની બેઠક, અકસ્માત ઘટાડવા સૂચનાઓ અપાઈ

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં માર્ગ અકસ્માતો ઘટાડવા માટે રોડ એન્જિનિયરિંગ અને સલામતી સંબંધિત વિવિધ મુદ્દાઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. સ્પીડ લિમિટ, સાઈનેઝ બોર્ડ, વૃક્ષોનું સમયસર ટ્રિમિંગ, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ અને કેટ આઈઝ લગાવવા અંગે સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લામાં માર્ગ સલામતી અંગે શાળાઓમાં જાગૃતિ કાર્યક્રમો તેમજ રોડ સેફ્ટી અવેરનેસ અભિયાન પણ યોજાયા હોવાનું જણાવાયું હતું. જુલાઈ-૨૦૨૬ દરમિયાન આરટીઓ દ્વારા ઓવરલોડ વાહનો, હેલ્મેટ, સીટ બેલ્ટ, બ્લેક ફિલ્મ, પીયુસી અને વધુ ઝડપ સહિતના કુલ ૧૪૧૮ કેસમાં કાર્યવાહી કરવામાં આવી હતી. બેઠકમાં વિવિધ વિભાગોની કામગીરીનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. વાહનચાલકોને મોબાઈલનો ઉપયોગ ટાળવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવાની પણ અપીલ કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# અમરેલીમાં AIPIU અને AIGDSUનું દ્વિવર્ષીય અધિવેશન મળ્યુ, પડતર પ્રશ્ને ચર્ચા કરાઈ

અમરેલી,તા.૦૫



રવિવારના દિવસે એઆઈપીઈયુ પોસ્ટમેન એમટીએસ અને એઆઈજીડીએસયુ અમરેલી વિભાગનું દ્વિવર્ષીય સંયુક્ત અધિવેશન યોજાઈ ગયું હતું. આ કાર્યક્રમ આરકે હોલ કેરીયા રોડ અમરેલી ખાતે રાખવામાં આવેલ હતો. આ પ્રસંગે ગુજરાત સર્કલ સેક્રેટરી જીટી રાઠોડ અને મનીષ વડિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં યુનિયનના તમામ કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહીને હાજરી આપી હતી. અધિવેશનમાં પોસ્ટલ કર્મચારીઓના પડતર પ્રશ્નો અને સેવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સંગઠનની મીટીંગમાં સભ્યોએ પોતાના મંતવ્યો રજુ કર્યા હતા અને આગળની રણનીતિ નક્કી કરી હતી. બધા સભ્યોએ એકઠા થઈને સંગઠનને મજબુત બનાવવા માટે સંકલ્પ લીધો હતો. બેઠકમાં હાજર રહેલા તમામ અગ્રણીઓનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ખાંભા તાલુકાના અનિડા ગામમાં સખી સ્નેહમિલન સમારોહ કાર્યક્રમ યોજાયો

બાબરા,તા.૦૫



ખાંભા તાલુકાના અનિડા ગામમાં બહેનો દ્વારા આયોજિત સખી સ્નેહમિલન સમારોહ હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત, વડીલોના સ્વાગત અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. રાજકોટ, અમદાવાદ, નવસારી, વાપી તેમજ સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં બહેનો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મનોરંજક રમતો, બાળપણના સંસ્મરણો અને જૂની મિત્રતાની યાદો તાજી બની હતી. ત્યારબાદ બહેનોએ ઉત્સાહપૂર્વક પરંપરાગત ગરબા રમી આનંદ વ્યક્ત કર્યો હતો. અંતે સૌએ સ્નેહભોજનનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન નીતાબેન પરશોતમભાઈ વડોદરીયાના નેતૃત્વમાં આયોજન સમિતિએ સફળતાપૂર્વક પાર પાડ્યુ હતું. ઉપસ્થિતોએ આયોજનની પ્રશંસા કરી ભવિષ્યમાં પણ આવા સમારોહ સતત યોજાય તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# મેથળી એપ્રોચ રોડના રીસર્ફેસિંગ માટે રૂ. ૨ કરોડ મંજૂર, ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસો સફળ

અમરેલી, તા.૦૫

લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના પરિણામે લાઠી તાલુકાના મેથળી એપ્રોચ માર્ગના રીસર્ફેસિંગ માટે રાજ્ય સરકાર તરફથી ૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ માર્ગ આસપાસના અનેક ગામોને જોડતો મુખ્ય રસ્તો હોવાથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં હતો. રોડની ખરાબ સ્થિતિને કારણે સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોને અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડતી હતી.

આ સમસ્યાને ધ્યાને રાખીને જનક તળાવીયાએ રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ સમક્ષ રજૂઆત કરી હતી. આ રજૂઆતને પગલે



તાત્કાલિક ૨ કરોડ રૂપિયાનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ કામગીરીથી રોડનું સંપૂર્ણ રીસર્ફેસિંગ થશે, જેથી ગુણવત્તા સુધરશે. ધારાસભ્યએ મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે આ કામ પૂર્ણ થવાથી ગ્રામજનોનો સમય તથા શ્રમ બચશે. આ મંજૂરી મળતાં જ મેથળી અને સમગ્ર પંથકના લોકોમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ છે અને વહેલી તકે કામ શરૂ થાય તેવી આશા છે.

# ખાંભા તાલુકામાં થયેલી બે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, પોલીસના હાથે બે આરોપી ઝડપાયા

**LCBએ રૂ. ૧.૯૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો, એક આરોપી હજુ ફરાર**

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લામાં વધતી ઘરફોડ અને વાહન ચોરીની ઘટનાઓ વચ્ચે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ મહત્વની સફળતા મેળવી છે. પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ LCBની ટીમે ખાંભા તાલુકાના રબારીકા અને પચપચીયા ગામમાં થયેલી બે અનડિટેક્ટેડ ઘરફોડ ચોરીનો



ભેદ ઉકેલી બે આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી રૂ. ૧ લાખ રોકડ, સોના-ચાંદીના દાગીના, ત્રણ મોબાઈલ ફોન તેમજ મોટરસાયકલ અને સ્કૂટર સહિત કુલ રૂ. ૧.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછ દરમિયાન આરોપીઓએ બંને ચોરીના ગુનાઓ કબૂલ્યા હતા. આ કેસમાં એક આરોપી હજુ ફરાર છે, જેને ઝડપી પાડવા પોલીસે શોધખોળ શરૂ કરી છે. LCBની આ કામગીરીથી બંને ગુનાઓનો સફળતાપૂર્વક ભેદ ઉકેલાયો છે.

# પિતાની સ્મૃતિમાં સમાજસેવા: બાબરા બ્રહ્મસમાજને પુત્રીએ આપ્યા રૂ. ૫૧ હજાર



બાબરા,તા.૦૫

બાબરા ગાયત્રી મંદિર બ્રહ્મસમાજમાં સ્વ. સનતરાય રાવલની સ્મૃતિમાં તેમની પુત્રી રીટાબેન અજયભાઈ જાનીએ રૂ. ૫૧,૦૦૦નું દાન આપ્યું. સમાજ પ્રમુખ નરૂભાઈ ત્રિવેદીએ તેમનું સન્માન કરી પિતૃભક્તિની પ્રશંસા કરી. આ રકમ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં ઉપયોગી થશે.

# રાજુલાના જાયન્ટ્સ પરિવાર દ્વારા 'બરખા બહાર' કાર્યક્રમ અને હોદ્દેદારોની વરણી કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૦૫

રાજુલા ખાતે જાયન્ટ્સ પરિવાર દ્વારા બિપીનભાઈ લહેરીની અધ્યક્ષતામાં 'બરખા બહાર' શીર્ષક હેઠળ ફિલ્મ સંગીત, પ્રવૃત્તિ અહેવાલ અને નવા હોદ્દેદારોની વરણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સર્વાનુમતે જાયન્ટ્સ-રાજુલાના પ્રમુખ તરીકે શશિભાઈ રાજ્યગુરુ, ઉપપ્રમુખ તરીકે ઉમેશભાઈ વાળા, મહામંત્રી તરીકે પ્રવીણભાઈ જાની અને સહમંત્રી તરીકે મહેશભાઈ વ્યાસની નિમણૂક કરવામાં આવી



તસવીર : ગોપાલ રાઠોડ

હતી, જેઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. દીપકભાઈ ત્રિવેદી અને લોકસાહિત્યકાર શૈલેષભાઈ વાઘેલાએ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી, જ્યારે નવા પ્રમુખે સમાજઉપયોગી કાર્યો કરવાની નેમ વ્યક્ત કરી હતી. કાર્યક્રમ દરમિયાન દિવંગત સદસ્યોને શ્રધ્ધાંજલિ અપાઈ હતી અને કલાકારો દ્વારા સદાબહાર હિન્દી ફિલ્મી ગીતો રજૂ કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજયભાઈ મહેતાએ તથા આભારવિધિ પ્રવીણભાઈ જાનીએ કરી હતી.

# SGFIના મેડલ વિજેતા ખેલાડીઓ માટે શિષ્યવૃત્તિ માટે ઓનલાઈન અરજી કરવી

અમરેલી,તા.૦૫

સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SGFI) દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વિવિધ રમતો તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં મેડલ મેળવનાર ખેલાડીઓને શિષ્યવૃત્તિ અને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને 'વૃતિકા' આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા માટે લાયક ખેલાડીઓએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની સત્તાવાર વેબસાઈટ પર આગામી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ઓનલાઈન અરજી કરવી જરૂરી રહેશે. યોજનાને લગતી વધુ માહિતી માટે અમરેલીના ચિત્તલ રોડ સ્થિત જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીનો સંપર્ક કરી શકાશે. ઉપરાંત ઓનલાઈન અરજી કરવામાં કોઈ ટેકનિકલ મુશ્કેલી પડતી હોય તો ખેલાડીઓ કચેરીએ રૂબરૂ જઈ શકશે, જ્યાં અરજી ભરવામાં જરૂરી સહાય પણ આપવામાં આવશે.

# અમરેલીમાં ૯ ઓગસ્ટના રોજ યોગ શિબિરનું ભવ્ય આયોજન

અમરેલી,તા.૦૫

રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે અમરેલી ખાતે પ્રી-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત વિશાળ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર ૯ ઓગસ્ટ, રવિવારે સવારે ૬:૦૦થી ૮:૦૦ વાગ્યા સુધી ચિતલ રોડ સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાશે. જિલ્લામાંથી નાગરિકો, વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો તેમજ યોગપ્રેમીઓને ઉત્સાહભેર ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમ માટે ઓનલાઈન નોંધણીની વ્યવસ્થા કરવામાં આવી છે અને નોંધણી કરીને ઉપસ્થિત રહેનાર તમામ સહભાગીઓને ડિજિટલ સર્ટિફિકેટ આપવામાં આવશે. રસ ધરાવતા લોકો પોસ્ટરમાં આપેલા QR કોડ સ્કેન કરીને અથવા નોંધણી લિંક મારફતે ફોર્મ ભરી શકે છે.

વધુ માહિતી માટે ૯૦૩૩૩ ૧૬૮૪૧ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે. જિલ્લા વહીવટી તંત્રએ પરિવાર અને મિત્રો સાથે ઉપસ્થિત રહી યોગ અપનાવી સ્વસ્થ જીવનશૈલી તરફ આગળ વધવા અપીલ કરી છે.

# અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા નશા મુક્ત ભારત અભિયાન હેઠળ ૧૧૫૧ વિદ્યાર્થીઓએ શપથ લીધા

અમરેલી,તા.૦૫

બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા 'ઉઠો જગત કે વાસ્તે' અને '૧૦ કરોડ નશા મુક્ત ભારત પ્રતિજ્ઞા મહા અભિયાન' અંતર્ગત વિવિધ શાળાઓના ૧૧૫૧ યુવા વિદ્યાર્થીઓએ નશામુક્તિ અને ઉત્તમ ચારિત્ર્ય નિર્માણના શપથ લીધા. આ કાર્યક્રમમાં બાબાપુર, જાળિયા, વડેરા, મોટા આંકડીયા અને માંગવાપાળના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને



શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ બનાવી આત્મવિશ્વાસ સભર કરવાનો તથા નશાથી દૂર રાખવાનો છે. બ્ર.કુ. કિંજલબેને ફેશનની દોડ અને મોબાઈલની ગુલામીમાંથી મુક્ત થઈ ચારિત્ર્ય નિર્માણ પર ભાર મૂક્યો હતો, જ્યારે બ્ર.કુ. મિતાલીબેને નિયમિત રાજયોગ, ધ્યાન અને મૂલ્યનિષ્ઠ જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપ્યો હતો. સર્વોદય આશ્રમના સંચાલિકા મંદાકીનીબેન પુરોહીતે પ્રેરણા પૂરી પાડી હતી. સમગ્ર આયોજન બ્ર.કુ. ગીતાબેનના માર્ગદર્શન હેઠળ યોજાયું હોવાનું બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.




## અવસાન નોંધ

**રાજકોટ**

અમારા પિતા શ્રી સ્વ ગણપતભાઈ વાઘજીભાઈ કાપડીયા (ઉ.વ. ૬૮ વર્ષ) તારીખ ૦૩/૦૮/૨૦૨૬ને સોમવારના રોજ કૈલાશ વાસી થયેલ છે પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતના દિવ્ય શાંતિ આપે તેવી પ્રાર્થના સદ્દગતનું બેસણું ૦૬-૦૮-૨૦૨૬ને ગુરુવાર રોજ સાંજે ૪:૩૦થી ૬:૦૦ વરીયા પ્રજાપતી જ્ઞાતીની વાડી બેડી નાકા ટાવર પાસે રાજકોટ ખાતે રાખેલ.

**સાવરકુંડલા**

સાવરકુંડલા નિવાસી રમેશગીરી ગજરાજગીરી ગોસ્વામી નગરપાલિકા કર્મચારી ઉંમર વર્ષ ૫૩નું તારીખ ૦૪/૦૮ને મંગળવારે કૈલાસવાસ થયેલ તે વિનુગીરી ગજરાજગીરી ગોસ્વામી નિવૃત ડેપો મેનેજર, અશોકગીરી ગજરાજગીરી નિવૃત કંડક્ટરના ભાઈ તથા મોહિતગીરી અને નિકુંજગીરીના પિતાશ્રી તથા શૈલેષગીરી દલપતગીરી એ.એસ.આઈ. રાજુલા પોલીસ, મુકેશગીરી વિનુગીરી કંડક્ટર ના કાકા થાય છે. તેમનું બેસણું તારીખ ૦૬/૦૮ ને ગુરૂવારે તથા શક્તિપૂજન ભંડારો તારીખ ૧૦/૦૮ ને સોમવારે સવારે તેમના નિવાસ સ્થાન જેસર રોડ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

કર્તવ્ય સંદીપભાઈ ચૌહાણ ઉ. વ ૧.૫ ( દોઢ વર્ષ) તે સંદીપભાઈ ચૌહાણ ના પુત્રનું તા. ૦૩/૦૮/૨૬ ને સોમવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગત નું બેસણું તા:૦૬/૦૮/૨૬ ને ગુરુવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાન મગનલાલ માધવજીભાઈ ચૌહાણ શિવાજીનગર, શેરી નં.૩ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**MBA - MCA વેકેન્ટ સીટ પ્રવેશ**

★ પ્રથમ વર્ષ MBA - MCA અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૬ – ૨૭ વેકેન્ટ સીટ પ્રવેશ માટેનો કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૦૫/૦૮/૨૬ થી ૧૧/૦૮/૨૬ | સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી |
| ૨ | ૧૨/૦૮/૨૦૨૬ | મેરીટ લીસ્ટ નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર પ્રસિદ્ધ |
| ૩ | ૧૪/૦૮/૨૦૨૬ | સંસ્થા ખાતે કાઉન્સીલીંગ વેકેન્ટ એડમીશન પ્રક્રિયા |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત

★ શ્રીમતી એસ. એચ. ગજેરા MBA મહિલા કોલેજ ★ શ્રી એમ. એલ. કાકડીયા MCA મહિલા કોલેજ

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 121

## :: જાહેર નોટીસ ::

અમો રાકેશકુમાર સી. વઘાસીયા- એડવોકેટ બગસરા તે લાગતા-વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે, અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના આદપુર ગામના રેવન્યુ સર્વે નંબર નવો-૨૩૬ (જુનો-૩૪/૧ પૈકી ૨) જુની શરતની નામે ''ખારાવાળું'' વાળી ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૮૯-૭૫ વાળી તે કુબાવત તુલસીદાસ વિઠલદાસ વગેરેની સુવાંગ અને સયુંકત કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સયુંકત નામે ખાતા નં. ૩૫૬ થી ગામ દફતરે નમુના નં.૮-અ મા નોંધાયેલ છે. તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના આદપુર ગામના રેવન્યુ સર્વે નંબર નવો-૨૩૫ (જુનો-૩૪/૧ પૈકી ૧) ની જુની શરતની નામે ''ખારાવાળું'' વાળી ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૯૦-૯૪ વાળી તે કુબાવત જીતેન્દ્રભાઈ પ્રભુદાસ વગેરેની સુવાંગ અને સયુંકત કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સયુંકત નામે ખાતા નં. ૨૬૮ થી ગામ દફતરે નમુના નં.૮-અ મા નોંધાયેલ છે. તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટીસ થકી લાગતા-વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેરજનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદર હું મિલ્કત-ખેત જમીનો સંબંધે કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટ્સ, માલિકી હોય કે આ આ મિલ્કત ઉપર અન્ય કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે બેન્કનું કરજ, લીયન, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ-પોષણ, વારસાઈ, ભાગીદારી કે ભાયુભાગ કે કોઈ સોદાખત, મુખત્યારનામું કે કોઈ પણ પ્રકારના અગ્ર હક્ક કે લખાણો હોય કે કબજા હક્ક હોય તો તે સંબંધે તેમના લેખિત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૮(આઠ) મા નીચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યથા મુદત વીત્યેથી સદર હું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો-તકરાર, હક્ક-હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઈ ઉક્ત લખ્યા મિલકતોના માલિકોને ધોરણસરનો અવેજ ચૂકવી અમારા અસીલ સદર હું જમીનોનો ઉક્ત માલિકો અને કબ્જેદારો પાસેથી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એક્ઝીક્યુટ કરાવી લેશે અને વિધિવત રીતે જમીનોનો કબજો મેળવી લેશે અને ત્યારબાદના કોઈ પણ વાંધા-તકરાર અમારા અસીલ કે તેમને ખરીદ કરેલ મિલકતને કોઈ પણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

બગસરા, તા.૦૫/૦૮/૨૦૨૬ — અસીલોની સુચના અને ફરમાઈશથી

અમારા મારફતઃ-

રાકેશકુમાર સી. વઘાસીયા

મો.૯૬૦૧૫ ૯૧૪૮૧, ૮૮૪૯૮ ૫૪૮૨૭ (એડવોકેટ)

મામલતદાર ઓફીસ સામે, રાધિકા પાનની બાજુમાં, બગસરા.






# લીલીયાના નાવલી બજારનો બિસ્માર રોડ તાત્કાલિક રિપેર કરવાની માંગ

**તાલુકા પંચાયત સદસ્યાએ માર્ગ-મકાન વિભાગને પત્ર પાઠવ્યો**



લીલીયા,તા.૦૫

લીલીયા મોટા તાલુકા પંચાયતના સદસ્યા વનિતાબેન ભાલાળાએ માર્ગ અને મકાન વિભાગને નાવલી બજારના રોડના તાત્કાલિક રિપેરિંગ માટે પત્ર પાઠવ્યો છે. પત્રમાં જણાવાયું છે કે લીલીયામાં ભૂગર્ભ ગટરનું કામ પૂર્ણ થયા બાદ તાલુકાનો મુખ્ય માર્ગ ગણાતો નાવલી બજારનો રોડ ભારે વરસાદ અને બે-ત્રણ વખત આવેલા પૂરના પાણીથી અત્યંત બિસ્માર બની ગયો છે. રોડ પર મોટા ખાડા અને કડા પડી જતા વાહનચાલકો તથા રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણી ભરાઈ જતા ખાડા દેખાતા ન હોવાથી અકસ્માતનો ભય પણ ઉભો થયો છે. કોઈ જાનહાનિ થાય તે પહેલાં તાત્કાલિક રોડનું રિપેરિંગ કરવાની માંગ ઉઠી છે.

# ધારીમાં સિંચાઈ જમીન પર માથાભારે ઈસમે કરેલુ દબાણ પોલીસની હાજરીમાં દૂર કરાયું

ધારી,તા.૦૫

ધારી ખાતે બસ સ્ટેન્ડ નજીક આવેલી સરકારી સિંચાઈ યોજનાની જમીન પરથી વહીવટી તંત્ર દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સરદારનગર સોસાયટી પાછળ આવેલી આ જમીન ખોડીયાર ડેમના ડુબાણ વિસ્તારનો ભાગ હોવાનું જણાવાયું છે.



સરકારી જમીન પર એક શખ્સ દ્વારા ગેરકાયદે કબજો કરવામાં આવ્યો હતો, જેને વહીવટી તંત્રએ દૂર કરીને જમીન સરકારના કબજામાં લીધી હતી. આ સમગ્ર કામગીરી દરમિયાન મામલતદાર કચેરી, સિંચાઈ વિભાગ અને અન્ય સંબંધિત વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દબાણ કરનાર શખ્સ સામે અગાઉ અનેક ગુનાઓ નોંધાયેલા હોવાની માહિતીના આધારે ધારી પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો, જેથી કોઈ અનિચ્છનીય ઘટના સર્જાય નહીં. પોલીસની હાજરીમાં સમગ્ર કાર્યવાહી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી.

# સગીરાને પ્રેમજાળમાં ફસાવી અડપલાં કરનારા બાઢડા ગામના યુવક સામે ફરિયાદ નોંધાઈ

સાવરકુંડલા, તા. ૦૫

સાવરકુંડલા પંથકમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. સગીરાને પ્રેમજાળમાં ફસાવી અડપલાં કરનારા બાઢડા ગામના યુવક સામે ફરિયાદ નોંધાઈ હતી. સગીરાના પિતાએ બાઢડા ગામે રહેતા મૌલિકભાઈ કલ્પેશભાઈ ગોરૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમની સગીર પુત્રી સાથે ઈન્સ્ટાગ્રામમાં વાતચીત કરી લગ્ન કરવાની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી હતી. જે બાદ તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ શારીરિક અડપલાં કર્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી આઈ પી એલ ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

# નારી વંદન સપ્તાહ અંતર્ગત અમરેલીમાં મહિલા સ્વરોજગાર મેળો યોજાયો

અમરેલી,તા.૦૫

નારી વંદન સપ્તાહ અંતર્ગત અમરેલીમાં જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા મહિલા તથા બાળ અધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે મહિલા સ્વાવલંબન દિવસ નિમિત્તે વિશેષ મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન




ચોડવડીયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ ખાનગી સંસ્થાઓએ નોકરીદાતા તરીકે ભાગ લઈ મહિલાઓને રોજગારી અને સ્વરોજગારની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન દીકરી વધામણા કીટ, વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમ, શૈક્ષણિક કીટ તેમજ મહિલા સ્વાવલંબન સબસિડીના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આશરે ૫૦૦ જેટલી મહિલાઓ અને યુવતીઓએ મેળામાં ભાગ લઈ આત્મનિર્ભર બનવા માટે વિવિધ તકો વિશે માહિતી મેળવી હતી.

# વિરપુર ગામે વાડીએથી પાણી ભરવા જવાનું કહીને નીકળેલી પરપ્રાંતિય પરિણીતા લાપતા

લાઠી, તા. ૦૫

લાઠીના વિરપુર ગામે વાડીએથી પાણી ભરવા જવાનું કહીને નીકળેલી પરપ્રાંતિય પરિણીતા લાપતા બની હતી. આ અંગે મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના છકતલા, મેંબર ફળિયાના અને હાલ લાઠીના વિરપુર ગામે રહેતા જીતેન્દ્રભાઈ રાવજીભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૧)એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની ચેતનાબેન (ઉ.વ. ૩૦) અઠવાડિયા પહેલા સાંજના આશરે સાડા સાતેક વાગ્યાથી આઠેક વાગ્યા દરમિયાન વાડીએથી પાણી ભરવા જવા માટેનું કહીને નીકળ્યા બાદ પરત આવી નથી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગરૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના ચાવંડ ગામે પત્ની સાથે ઝઘડો થતાં પતિએ ઝેરી ટીકડીઓ ખાધી

**સારવાર દરમિયાન મોત નીપજ્યું**

લાઠી, તા.૦૫

લાઠીના ચાવંડ ગામે એક પતિને તેમની પત્ની સાથે ઝઘડો થયો હતો. જે બાબતનું મનમાં લાગી આવતાં તેમણે ઘઉંમાં રાખવાની ઝેરી ટીકડીઓ ખાઈ લીધી હતી. ત્યારબાદ તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.આ અંગે ખુશાલભાઈ રમેશભાઈ મીઠાપરા (ઉં.વ.૩૦) એ પોલીસમાં જાહેર કર્યા મુજબ, મૃતક વિપુલભાઈ રમેશભાઈ મીઠાપરા (ઉં.વ.૩૩)ને તેમની પત્ની સાથે જમવા બાબતે ઝઘડો થયો હતો. જે વાતનું મનમાં લાગી આવતાં તેમણે ઘઉંમાં નાખવાની ઝેરી ટીકડીઓ પી લીધી હતી અને સારવાર દરમિયાન તેમનું મરણ થયું હતું.

આ ઘટના અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એન. ગરૈયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# મોટી કુંકાવાવ ગામે લોકી કેડેથી મધ્ય પ્રદેશના યુવક પાસેથી અંગ્રેજી દારૂની ૭ બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૦૫

મોટી કુંકાવાવ ગામે લોકી કેડેથી મધ્ય પ્રદેશના એક યુવક પાસેથી અંગ્રેજી દારૂની ૭ બોટલ ઝડપાઈ હતી. ચંદુભાઈ ઝીઝીયાભાઈ ભુરીયા (ઉ.વ.૪૧) પાસેથી પાસ-પરમિટ વગર પોતાના કબજામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની એકસરખી 'લંડન પ્રાઈડ પ્રીમિયમ વિસ્કી'ની કાચની રીંગપેક ૭ બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૧,૧૯૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત, જિલ્લામાં અન્ય ૫ લોકો પાસેથી ૧૭ લિટર દેશી દારૂ મળી આવ્યો હતો, જ્યારે અમરેલીના વરૂડી રોડ પર નદીકાંઠેથી દેશી દારૂની ભઠ્ઠી પણ ઝડપાઈ હતી. આ સિવાય જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૧૧ લોકો કેફી પીણું પીને રખડતા-ફરતા મળી આવ્યા હતા.

# ધારીના ભાડેર ગામે દેશી દવાના બદલે ભૂલથી ઝેરી પાવડર ગળી જતાં મહિલા હોસ્પિટલમાં ખસેડાઈ

**આ ઘટનાની જાણ ધારી પોલીસને કરવામાં આવતા તપાસ શરૂ કરાઈ**

ધારી, તા.૦૫

ધારી તાલુકાના ભાડેર ગામે એક અકસ્માતની ઘટના સામે આવી છે. ગામમાં રહેતી એક મહિલાએ ભૂલથી અનાજમાં મુકવાનો ઝેરી પાવડર ગળી જતાં તેમને તુરંત સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પોલીસમાંથી મળતી વિગત મુજબ, મહિલાના લગ્નને સાત વર્ષ થયા હોવા છતાં સંતાન ન હોવાથી તેઓ દરરોજ સંતાનપ્રાપ્તિ માટે દેશી દવાનો પાવડર લેતા હતા. આ દરમિયાન, ભૂલથી દેશી દવાના પાવડરને બદલે ઘરમાં પડેલો અનાજ સાચવવાનો ઝેરી પાવડર ગળી ગયા હતા. મહિલાની તબિયત લથડતાં જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ધારી પોલીસ સ્ટેશનમાં નોંધ થતાં હેડ કોન્સ્ટેબલ આર.ડી. વાળાએ આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: આઠમ
તા.૦૬-૦૮-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૪૪,
સૂર્યાસ્ત-૦૭:૦૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૦૬-૦૮-૨૦૨૬ ગુરૂવાર

મેષ: આજે વેપારના ક્ષેત્રમાં મનને સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. પિતા સાથે મળીને તમે વ્યવસાય બદલવા અને નવો વ્યવસાય શરૂ કરવાની યોજના બનાવશો.

વૃષભ: શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. બુદ્ધિશાળી ભાષણ દ્વારા વ્યાવસાયિક વિવાદોના સમાધાનમાં સફળ થશો.

મિથુન: બીજાની મદદ કરવામાં તમને આનંદ મળશે, તેથી તમારો દિવસ દાનમાં વિતાવશો. કમ્યુનિકેશન મીડિયાના ઉપયોગ દ્વારા વ્યાવસાયિક સિદ્ધિઓ પ્રાપ્ત થશે.

કર્ક: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

સિંહ: રોજગાર ક્ષેત્રે તમારી ક્ષમતાઓમાં સુધારો કરીને તમને નવી તકો મળશે. તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે અને સંપત્તિ, માન, ખ્યાતિ વધશે.

કન્યા: સામાજિક કાર્ય કરવાથી પ્રતિષ્ઠા વધશે. જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ મળશે. બહારના ખોરાક પર નિયંત્રણ રાખો, નહીં તો પેટ સંબંધિત ફરિયાદો થઈ શકે છે.

તુલા: પિતાની સહાયથી આર્થિક પ્રગતિ થશે અને સમાજમાં તમારી નવી ઓળખ ઊભી થશે. ધંધામાં પ્રતિસ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો.

વૃશ્ચિક: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે. અટકેલા પૈસાની પ્રાપ્તિને કારણે ભંડોળ મજબૂત થશે.

ધન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જીવનસાથીનું સ્વાસ્થ્ય અચાનક બગડતા ભાગદોડ અને ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે.

મકર: આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થઈ શકે છે. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે નવી તકો મળશે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.

કુંભ:પરિવાર સાથે નજીકમાં અને દૂર સુધીની સકારાત્મક યાત્રા પણ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

મીન: સંતાનો સાથે સારો સમય પસાર કરશે. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. તમારા અને તમારા પરિવારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

# લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરી ખાતે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

લીલીયા,તા.૦૫

લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરીના ગ્રાઉન્ડમાં આવેલા બગીચામાં એક વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વૃક્ષોના દાતા જીવનભાઈ વોરાના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ પ્રકારના ઉપયોગી વૃક્ષોનું વાવેતર કરાયું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત



પ્રમુખ જગદીશભાઈ દેથલિયા, ઉપપ્રમુખ વિજયભાઈ કોંગથિયા, સરપંચ વિજય શેખલિયા, નીતિનભાઈ ત્રિવેદી, ખોડાભાઈ માળવિયા, ડોક્ટર કુંભાણી, વિજય ભાલાળા, ગોવિંદભાઈ ચાવડા, યોગેશભાઈ દવે તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકા પંચાયતના ટી.પી.ઓ., સદસ્યો અને વિવિધ ગામોના સરપંચો સહિતના આગેવાનો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત સૌ લોકોએ પર્યાવરણનું રક્ષણ કરવા, વધુમાં વધુ વૃક્ષો વાવવા અને હરિયાળું ગુજરાત બનાવવા માટે દ્રઢ સંકલ્પ કર્યો હતો.

# વડલી ગામથી લોઠપુર જવાનું કહીને નીકળેલી પરિણીતા બે પુત્રી સાથે ગુમ

રાજુલા, તા.૦૫

રાજુલાના વડલી ગામથી લોઠપુર જવાનું કહીને નીકળેલી પરિણીતા બે પુત્રી સાથે ગુમ થઈ હતી. આ અંગે મહેશભાઈ માધાભાઈ ધાખડા (ઉ.વ.૩૬)એ જાહેર કર્યા મુજબ પ્રભાબેન પ્રવીણભાઈ ખસીયા (ઉ.વ.૩૨) તેની બંને દીકરીને લઈ ઘરેથી લોઠપુર જવાનું કહી પોતે પોતાની રીતે બંને દીકરીઓ સાથે ક્યાક જતી રહી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ વી સમા વધુ તપાસ કરી રહ્યા છે.

# કુતાણા ગામેથી મહિલા પાસેથી ૪ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. કુતાણા ગામેથી મહિલા પાસેથી ૪ લીટર દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય ઓળિયા ગામેથી ૧ લીટર, બાબરા ટાઉનમાંથી ૧૨ લીટર તથા સાવરકુંડલામાંથી ૫ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૮ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા પકડાયા હતા.

# દામનગરથી ધ્રુફણીયા રોડ પર રિલાયન્સ પેટ્રોલ પંપ પાસેથી ટ્રકમાં ખીચોખીચ ભરેલી ૮ ભેંસો ઝડપાઈ

દામનગર, તા.૦૫

દામનગરથી ધ્રુફણીયા રોડ પર રિલાયન્સ પેટ્રોલ પંપ પાસેથી ટ્રકમાં ખીચોખીચ ભરેલી ૮ ભેંસો ઝડપાઈ હતી. અમરેલી ખાટકીવાડમાં રહેતો સત્તારભાઈ ઓસમાણભાઈ કાલવા (ઉ.વ.૪૫) પોતાના હવાલાવાળા ટ્રકમાં ૮ ભેંસને અત્યંત ટૂંકા દોરડાથી ખીચોખીચ, હલનચલન ન કરી શકે તે રીતે અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધીને, કોઈપણ પ્રકારના ઘાસચારા વગર અને પાણીની સગવડતા વગર લઈ જતા ઝડપાયો હતો. ઈમ્તિયાજભાઈએ કતલ કરવાના ઈરાદે આ ભેંસો તેના તબેલેથી ટ્રકમાં ભરી હોવાની પણ તેણે કબૂલાત કરી હતી. પોલીસે ભેંસો, ટ્રક સહિત ૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દામનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ. એમ. રાધનપરા વધુ તપાસ કરી રહ્યા છે.

**કતલખાને ધકેલાતા અબોલ જીવોને બચાવાયા**

# ગમતી છોકરીએ એક મહિના પહેલા બીજે લગ્ન કરી લેતા યુવકે જંતુનાશક દવા પીધી

**પરપ્રાંતીય યુવક બગસરાના ખારી ગામે રહેતો હતો**

બગસરા, તા. ૦૫

બગસરાના ખારી ગામે રહેતા એક પરપ્રાંતીય યુવકને પસંદ હોય તેવી છોકરીએ એક મહિના પહેલા બીજે લગ્ન કરી લેતા યુવકે જંતુનાશક દવા પીધી હતી, જેના કારણે તેનું મોત થયું હતું.

આ અંગે મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના અકીલા પીપરાની ફળીયુંના અને હાલ બગસરાના ખારી ગામે રહેતા મધનભાઈ દલસિંગભાઈ ભીંડે (ઉ.વ. ૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર લાલુભાઈ મધનભાઈ ભીંડે (ઉ.વ. ૨૫)ને તેમના ગામની એક છોકરી પસંદ હતી. આ છોકરીએ એક મહિના પહેલા બીજે લગ્ન કરી લેતાં તે હતાશ થઈ ગયો હતો અને કોઈ જંતુનાશક દવા પી જતાં તેનું મૃત્યુ થયું હતું.

યુવકના આ પગલાથી પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# પીઓકેમાં ઉઠેલો અસંતોષનો જ્વાળામુખી

ભારતના વિભાજન બાદ વર્ષ ૧૯૪૭માં જમ્મુ-કાશ્મીર પર પાકિસ્તાન સમર્થિત કબાયલી હુમલા પછી શરૂ થયેલા સંઘર્ષના પરિણામે કાશ્મીરનો એક ભાગ પાકિસ્તાનના નિયંત્રણ હેઠળ ગયો. ભારત આ વિસ્તારને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) તરીકે ઓળખાવે છે અને તેને પોતાના અભિન્ન ભાગ તરીકે માને છે. બીજી તરફ, પાકિસ્તાન આ વિસ્તારને 'આઝાદ જમ્મુ અને કાશ્મીર' તરીકે ઓળખાવે છે. દાયકાઓથી આ વિસ્તારની રાજકીય સ્થિતિ, શાસન વ્યવસ્થા અને વિકાસને લઈને ચર્ચા તથા વિવાદ ચાલતા રહ્યા છે. સમયાંતરે પીઓકેમાં રહેતા લોકો રોજગાર, શિક્ષણ, આરોગ્ય, વીજળી, મોંઘવારી, વિકાસ અને રાજકીય પ્રતિનિધિત્વ જેવા મુદ્દાઓને લઈને અસંતોષ વ્યક્ત કરતા રહ્યા છે. વિવિધ અહેવાલો મુજબ સ્થાનિક લોકો લાંબા સમયથી વધુ પારદર્શક શાસન, અસરકારક વહીવટ અને લોકશાહી અધિકારોની માંગ કરી રહ્યા છે. ભારત પણ અનેક આંતરરાષ્ટ્રીય મંચો પર એવો દાવો કરતું આવ્યું છે કે પીઓકેમાં લોકોને પૂરતા લોકતાંત્રિક અધિકારો અને વિકાસના સમાન અવસર મળતા નથી. તાજેતરના અઠવાડિયાઓમાં પીઓકેમાં ફરી એકવાર મોટા પાયે વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા છે. વિવિધ મીડિયા અહેવાલો અનુસાર હજારો લોકો રસ્તા પર ઉતરીને શાસન વ્યવસ્થા, ચૂંટણી પ્રક્રિયા, આર્થિક મુશ્કેલીઓ અને રાજકીય પ્રતિનિધિત્વ અંગે વિરોધ નોંધાવી રહ્યા છે. કેટલાક વિસ્તારોમાં સુરક્ષા દળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણો, ધરપકડો, જાનહાનિ તથા ઈન્ટરનેટ સેવાઓ પર નિયંત્રણ જેવા બનાવો પણ નોંધાયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. તાજેતરના સમયમાં પાકિસ્તાનના વિવિધ સરહદી વિસ્તારોમાં પણ અશાંતિના બનાવોમાં વધારો નોંધાયો છે. ખાસ કરીને પીઓકે, બલૂચિસ્તાન અને ખૈબર પખ્તૂનખ્વા જેવા વિસ્તારોમાં સુરક્ષા દળો અને સ્થાનિક જૂથો વચ્ચે અથડામણો તથા વિરોધ પ્રદર્શનોના અહેવાલો સામે આવ્યા છે. જોકે દરેક વિસ્તારની પરિસ્થિતિ અને તેના કારણો અલગ છે, તેમ છતાં આ ઘટનાઓ પાકિસ્તાન માટે આંતરિક સુરક્ષા અને શાસન સંબંધિત પડકારોને ઉજાગર કરે છે. પીઓકેમાં લોકો રોજગાર, વીજળી, મોંઘવારી, સ્થાનિક અધિકારો અને રાજકીય પ્રતિનિધિત્વ જેવા મુદ્દાઓને લઈને સતત અવાજ ઉઠાવી રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શનો યોજાયા હતા, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. કેટલાક પ્રસંગોએ સુરક્ષા દળો સાથે અથડામણો અને ધરપકડોના બનાવો પણ નોંધાયા છે, જેના કારણે વિસ્તારમાં તણાવપૂર્ણ વાતાવરણ સર્જાયું છે. બીજી તરફ, બલૂચિસ્તાનમાં અલગાવવાદી જૂથો અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચે અથડામણો ચાલુ છે, જ્યારે ખૈબર પખ્તૂનખ્વામાં આતંકવાદી હુમલાઓ અને સુરક્ષા કાર્યવાહી વધવાના અહેવાલો સામે આવ્યા છે. પરિણામે પાકિસ્તાનને એકસાથે અનેક આંતરિક મોરચાઓ પર કાયદો અને વ્યવસ્થાના પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતના દૃષ્ટિકોણથી પીઓકે ભારતનો અભિન્ન ભાગ છે. ભારત લાંબા સમયથી કહે છે કે આ વિસ્તારમાં સ્થાનિક લોકોને પૂરતા લોકશાહી અધિકારો, વિકાસ અને સ્વતંત્ર રાજકીય અવકાશ મળવો જોઈએ. બીજી તરફ, પાકિસ્તાન આ દાવાને નકારી પોતાની વહીવટી વ્યવસ્થાને યોગ્ય ગણાવે છે. તેથી પીઓકેનો મુદ્દો માત્ર ભારત-પાકિસ્તાન વચ્ચેનો રાજકીય વિવાદ નથી, પરંતુ ત્યાંના સામાન્ય નાગરિકોના જીવન, વિકાસ અને અધિકારો સાથે પણ સીધો સંબંધ ધરાવે છે.

# યુરોપ અમેરિકામાંમાં આગનું તાંડવ, કુદરત સામે સુપર પાવર પણ વામણો

આગ માત્ર જમીન પર જ લાગતી નથી. કુદરતમાં આગના અનેક સ્વરૂપો જોવા મળે છે. દરિયામાં લાગતી આગને વૈજ્ઞાનિક ભાષામાં વડવાનલ તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ આ તમામ પ્રકારની આગમાં સૌથી વિનાશક અને ભયાનક આગ જંગલની આગ (Wildfire) માનવામાં આવે છે. જંગલની આગ માત્ર વૃક્ષો અને વન્યજીવનને જ નહીં, પરંતુ માનવ વસાહતો, અર્થતંત્ર અને સમગ્ર પર્યાવરણને ગંભીર અસર પહોંચાડે છે. આજે વિશ્વભરમાં વધતા તાપમાન અને આબોહવા પરિવર્તનના કારણે આવી આગની ઘટનાઓ વધુ વારંવાર અને વધુ વિકરાળ બની રહી છે. ૨૬ અને ૨૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ ફ્રાન્સ અને સ્પેનમાં શરૂ થયેલી જંગલની આગ હવે અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. સત્તાવાર માહિતી અનુસાર, ફ્રાન્સમાં અંદાજે ૨.૫૦ લાખ અને સ્પેનમાં ૭૫ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. આમ, બંને દેશોમાં મળીને ૩.૨૫ લાખથી વધુ લોકો આ આપત્તિથી સીધી રીતે પ્રભાવિત થયા છે. હજારો પરિવારોને તેમના ઘરો છોડવા પડ્યા છે અને અનેક લોકોને અસ્થાયી આશ્રય તરીકે સ્પોર્ટ્સ સેન્ટરો, શાળાઓ અને સમુદાય ભવનોમાં રાખવામાં આવ્યા છે. ફ્રાન્સમાં આગનું મુખ્ય કેન્દ્ર બોર્ડો (Brodeaux) શહેર અને તેની આસપાસનો વિસ્તાર બન્યો છે. બોર્ડો વિશ્વપ્રસિધ્ધ વાઈન ઉત્પાદન માટે જાણીતું શહેર છે અને તેની વસ્તી અંદાજે ૨.૬૮ લાખ છે. આગ ઝડપથી ફેલાતા શહેરના પશ્ચિમ ઉપનગરોને ખાલી કરાવવાની ફરજ પડી હતી. ખાસ કરીને લે પોર્જ (Le Proge) ગામમાં અનેક મકાનોને ભારે નુકસાન થયું હોવાનું સ્થાનિક વહીવટીતંત્રે જણાવ્યું છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કટોકટી બેઠક બોલાવી હતી અને આગ પર ઝડપથી કાબૂ મેળવવા માટે તમામ સરકારી એજન્સીઓને સંકલિત કામગીરીના નિર્દેશ આપ્યા હતા. વિશ્વભરના ધાર્મિક અને સામાજિક આગેવાનો પણ અસરગ્રસ્ત લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી રહ્યા છે. રવિવારની પ્રાર્થના દરમિયાન પોપ લિયોએ પણ આગથી પ્રભાવિત પરિવારો માટે પ્રાર્થના કરી હતી. સ્પેનમાં પણ સ્થિતિ અત્યંત ગંભીર બની છે. રાજધાની મેડ્રિડની આસપાસના વિસ્તારોમાં આગ ઝડપથી ફેલાતા મોટા પાયે સ્થળાંતર કરાવવું પડ્યું છે. આવિલા પ્રાંતમાં લગભગ ૩૦ હજાર લોકોને અને મેડ્રિડના પશ્ચિમ વિસ્તારમાં આશરે ૬૩ હજાર લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. વેલેન્સિયા વિસ્તારમાં માનિસેસ નજીક આગની ઘટનામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હોવાનું સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે જણાવ્યું છે કે સરકાર નાગરિક સુરક્ષા કટોકટી જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરી રહી છે, જેથી રાહત અને




પુનઃનિર્માણ માટે વધારાનું નાણાંકીય સહાય પેકેજ ઉપલબ્ધ કરાવી શકાય. આગ ધીમે ધીમે સાન લોરેન્ઝો ડી એલ એસ્કોરિયલ વિસ્તાર તરફ આગળ વધી રહી છે, જ્યાં ઐતિહાસિક મહત્વ ધરાવતો વિશ્વવિખ્યાત રાજમહેલ આવેલો છે. આથી સાંસ્કૃતિક વારસાને પણ જોખમ ઊભું થયું છે. વર્ષ ૨૦૨૬ સ્પેન માટે જંગલની આગના દૃષ્ટિકોણથી અત્યંત ચિંતાજનક સાબિત થઈ રહ્યું છે. યુરોપિયન ફોરેસ્ટ ફાયર ઈન્ફોર્મેશન સિસ્ટમના આંકડા મુજબ દેશમાં અત્યાર સુધીમાં આશરે ૧.૪૦ લાખ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હેક્ટર જંગલ આગની ઝપેટમાં આવી ચૂક્યું છે. આ વિસ્તાર છેલ્લા ૨૦ વર્ષની સરેરાશ કરતાં લગભગ ત્રણ ગણો વધુ છે. આગના વધતા વ્યાપને કારણે માત્ર જંગલો જ નહીં, પરંતુ કૃષિ, પર્યટન અને સ્થાનિક અર્થતંત્રને પણ ભારે નુકસાન પહોંચી રહ્યું છે. બીજી તરફ ઈટલીના પુગલિયા વિસ્તારમાં પણ જંગલની આગને કારણે લગભગ ૪૦૦ પ્રવાસીઓને દરિયાઈ માર્ગે સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કટોકટી સામે યુરોપિયન દેશોએ સંયુક્ત પ્રયાસો શરૂ કર્યા છે. યુરોપિયન યુનિયનની નાગરિક સુરક્ષા વ્યવસ્થા હેઠળ ગ્રીસ અને ઈટલીએ બે-બે કેનેડએર ફાયર-ફાઈટિંગ વિમાનો મોકલ્યા છે. પોર્ટુગલે ૧૦૦થી વધુ સૈનિકોને રાહત અને બચાવ કામગીરી માટે મોકલ્યા છે, જ્યારે તુર્કીએ પણ પોતાના અગ્નિશામક વિમાનો મોકલવાની તૈયારી દર્શાવી છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું હતું કે ફ્રાન્સ માટે સાત વિમાનો અને ચાર હેલિકોપ્ટર તેમજ સ્પેન માટે છ અગ્નિશામક વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે. કોપરનિકસ સેટેલાઈટ સિસ્ટમ દ્વારા આગનો વ્યાપ, પવનની દિશા અને જોખમી વિસ્તારોના નકશા તૈયાર કરીને ફાયરફાઈટરોને સતત માહિતી પૂરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત, ઉનાળાની ઋતુ શરૂ થાય તે પહેલાં જ યુરોપિયન યુનિયને ૧૪ દેશોના ૭૭૭ ફાયરફાઈટરોને સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કર્યા હતા. આ સમગ્ર ઘટનામાં અમેરિકાની ભૂમિકા પણ નોંધપાત્ર છે, જોકે તે સીધી રીતે આગ બુઝાવવા માટે વિમાનો મોકલી રહ્યું નથી. અમેરિકન દૂતાવાસે પોતાના નાગરિકોને સ્થાનિક વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કર્યો છે. બીજી તરફ, અમેરિકા પાસે જંગલની આગનું વિશ્લેષણ કરવા માટે અત્યાધુનિક સેટેલાઈટ ટેકનોલોજી ઉપલબ્ધ છે. નાસાના સેટેલાઈટ ધુમાડાની દિશા, પવનની ગતિ, તાપમાન અને આગના વિસ્તરણ અંગે અત્યંત સચોટ માહિતી ઉપલબ્ધ કરાવે છે. અમેરિકન વૈજ્ઞાનિકોનું માનવું છે કે વધતા વૈશ્વિક તાપમાનને કારણે 'મેગા-ફાયર' જેવી ઘટનાઓ હવે માત્ર કેલિફોર્નિયા પૂરતી મર્યાદિત રહી નથી, પરંતુ યુરોપ સહિત વિશ્વના અનેક વિસ્તારોમાં સામાન્ય બનતી જઈ રહી છે. આગ ક્યાં સુધી ફેલાઈ શકે અને ધુમાડાનો પ્રવાહ કઈ દિશામાં જશે તેનું પૂર્વાનુમાન આજે શક્ય બન્યું છે, પરંતુ આવી કુદરતી આપત્તિઓને સંપૂર્ણપણે અટકાવવી હજુ પણ માનવજાત માટે મોટો પડકાર છે. અમેરિકા પણ આ ઘટનામાંથી શીખ લઈને પોતાના પશ્ચિમ રાજ્યોમાં આગ સામેની તૈયારીઓને વધુ મજબૂત બનાવી રહ્યું છે, કારણ કે કેલિફોર્નિયા, ઓરેગોન અને વોશિંગ્ટન જેવા રાજ્યો દર વર્ષે ભીષણ જંગલની આગનો સામનો કરે છે. ફ્રાન્સ અને સ્પેનમાં લાગેલી આ આગ સમગ્ર વિશ્વ માટે ગંભીર ચેતવણી સમાન છે. આબોહવા પરિવર્તન, વધતું વૈશ્વિક તાપમાન, લાંબા સમય સુધી રહેતો દુષ્કાળ અને પ્રકૃતિ સાથેની અતિશય છેડછાડ હવે માત્ર વૈજ્ઞાનિક ચર્ચાનો વિષય રહ્યા નથી; પરંતુ સામાન્ય લોકોના જીવનને સીધી અસર કરતા વૈશ્વિક પડકારો બની ગયા છે. એક તરફ વિશ્વના કેટલાક ભાગોમાં ધોધમાર વરસાદ અને વિનાશક પૂર જોવા મળે છે, તો બીજી તરફ અન્ય વિસ્તારોમાં અનાવૃષ્ટિ અને ભયંકર જંગલની આગ જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. ભારતમાં પણ ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને અન્ય પર્વતીય વિસ્તારોમાં અતિશય બાંધકામ, અનિયંત્રિત વિકાસ અને પર્યાવરણ પર વધતા દબાણને કારણે ભૂસ્ખલન અને પૂરની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. નિષ્ણાતોનું માનવું છે કે વિકાસ જરૂરી છે, પરંતુ તે પર્યાવરણને અનુકૂળ અને ટકાઉ હોવો જોઈએ. ઈકો-ફ્રેન્ડલી ડેવલપમેન્ટ, વનોનું સંરક્ષણ, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો અને કુદરતી સંસાધનોનો જવાબદાર ઉપયોગ જ ભવિષ્યમાં આવી આપત્તિઓની તીવ્રતા ઘટાડવામાં મદદરૂપ બની શકે છે. ફ્રાન્સ અને સ્પેનની હાલની સ્થિતિ સમગ્ર વિશ્વને એક સ્પષ્ટ સંદેશ આપે છે કે જો માનવજાત સમયસર પર્યાવરણ પ્રત્યે જવાબદારી નહીં નિભાવે, તો કુદરતી આપત્તિઓ વધુ વિનાશક સ્વરૂપ ધારણ કરી શકે છે. તેથી હવે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવું એ માત્ર એક વિકલ્પ નહીં, પરંતુ વૈશ્વિક જરૂરિયાત બની ગયું છે.

**યુરોપ અમેરિકામાં આવેલા ગાઢ જંગલોમાં ભયાનક આગ છેલ્લા કેટલાક સપ્તાહથી વધુને વધુ વિકરાળ થઇ રહી છે આગને કારણે આકાશમાં અગન વાદળ છવાઈ રહ્યા છે જે ગરમી માં અનેક ગણો વધારો કરે છે જંગલની આગના પ્રચંડ વાદળાવો માત્ર ધુમાડો નથી પણ તેમાં અગ્નિ પણ છે તેની ભયાનક અસર પર્યાવરણ પર થઇ રહી છે આજે તે સૌથી મોટી ચિંતા ની વાત છે.અવકાશમાંથી પણ દેખાતા ધુમાડાના ગોટેગોટાએ ફ્રાન્સ અને સ્પેનમાં હજારો પરિવારોની ઊંઘ ઉડાડી દીધી છે.**

## શબ્દ સંજોગ-૨૨૪૩



**આડી ચાવી :**
(૧)કદર કરી જાણે તેવુ (૫ )
(૪) અંગ્રેજી રાજયમાં અપાતો એુક ઈલકાબ (૨)
(૬) આ હોય તો માળવે જવાય (૨)
(૭) અનાદર, તિરસ્કાર (૪)
(૯) આશરે ૫૬ મણ જેટલુ અંગ્રેજી તોલ (૨)
(૧૧) પ્રતિજ્ઞા, વચન (૨)
(૧૨) મુંબઈની....મુંબઈમાં સમાણી (૩)
(૧૩) દરિયામાંથી મોતી કાઢનાર (૪)
(૧૫) કાથી, ભીંડી, ખજૂરી વગેરેના પાંદડાની દોરી (૨)
(૧૬) ખેદ, દિલગીરી (૨)
(૧૯) શ્રી કૃષ્ણ આ નામે પણ ઓળખાય (૨)
(૨૦) ઘણા ગામમાં આજે પણ....વ્યવસ્થા નથી (૩)
(૨૧) અંગ્રેજીમાં પ્રેમકરો (૨)
(૨૩) નમન, વંદન (૪)
(૨૫) આદરપૂર્વક, માનસહિત (૩)
(૨૭) હેતાળ, સ્મેહાળ (૩)
(૨૮) વૃધ્ધાવસ્થા (૨)
(૨૯) દૂધ ઉકાળી કરાતો ઘટ્ટ પદાર્થ (૨)

**ઉભી ચાવી :**
(૧) ભારતનું એક રાજય (૪)
(૨) એક વિદેશી દારૂ (૨)
(૩) ....તેવી બરકત (૩)
(૪) પૂરી ભરતી આવે ૧૨ મિનિટ પાણી થોભે છે તે (૨)
(૫) એક પશુ (અવળુ) (૩)
(૭) ઓરમાન, ભિન્ન (૩)
(૮) ગોવા પાસે આવેલુ એક સ્થળ (૩)
(૧૦) માલ વિનાનુ, નિર્માલ્ય (૩)
(૧૩) ચાળીસ શેરનું તોલ (૨)
(૧૪) ધરપકડ કરવાનો સરકારી પરવાનો (૩)
(૧૫) બલિને છળવા થયેલો વિષ્ણુનો પાંચમો અવતાર (૩)
(૧૭) એક સૂકો મેવો (૪)
(૧૮) કેરી તો અહીયાની જ (૪)
(૨૦) ગરમી, ઉષ્ણતા (૪)
(૨૨) કૃષ્ણ પક્ષ (૨)
(૨૪) વીસ કિલો (૨)
(૨૬) સ્ત્રીનો માસિક અટકાવ (૨)

## શબ્દ સંજોગ-૨૨૪૨ જવાબ

**આડી ચાવી:** (૧) કરમચંદ (૫) નકશો (૮) રજ (૯) દલન (૧૧) તક (૧૨) ડોક (૧૩) રવાલ (૧૫) ઢ (૧૬) પ્રવાલ (૧૮) શમ (૨૦) વાયુ (૨૧) ચામ (૨૨) કોમલ (૨૪) તરગાળો (૨૭) ગાર્ગી (૨૮) પાલી (૩૦) ડામ (૩૨) ચોસર (૩૪) લઘુ (૩૫) કહાર (૩૬) તક. **ઉભી ચાવી:** (૧) કરડો (૨) રજક (૩) ચંદન (૪) દલ (૬) કતલ (૭) શોક (૧૦) નરવા (૧૪) વાલ (૧૬ ) પ્રયુત (૧૭) વ્યોમ (૧૮) શકોરું (૧૯) મમ (૨૧) ચાળો (૨૩) લગામ (૨૫) રપા(પાર) (૨૬) ગાલીચો (૨૯) ચરક (૩૦) ડાઘુ (૩૧) સ્વાહા (૩૩) સત.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૧૦ | ૧૯૫૪ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૬૫ |
| જુવાર સફેદ | ૧૦૪૦ | ૧૩૦૦ |
| જુવાર લાલ | ૧૧૫૦ | ૧૩૧૦ |
| બાજરી | ૩૮૧ | ૫૫૧ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૬૦ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૨૩૬ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૮૯૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૮૭૧ |
| મગ | ૧૧૩૫ | ૧૭૬૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૨૮૩ |
| ચોળી | ૧૧૪૦ | ૧૬૮૦ |
| વટાણા | ૬૧૦ | ૧૦૦૦ |
| કળથી | ૪૭૫ | ૫૬૦ |
| રાજમા | ૧૬૧૮ | ૨૧૪૪ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૯૮૦ |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૬૪૮ |
| મગફળી જીણી | ૧૨૩૦ | ૧૫૨૦ |
| તલી | ૧૭૨૫ | ૨૫૦૯ |
| એરંડા | ૧૩૬૫ | ૧૪૧૬ |
| અજમો | ૨૧૯૬ | ૨૬૦૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૮૧ |
| સીંગફાડા | ૧૪૭૦ | ૧૭૭૫ |
| કાળા તલ | ૨૬૫૦ | ૩૭૪૦ |
| લસણ | ૧૦૫૦ | ૨૧૮૦ |
| ધાણા | ૨૭૦૦ | ૨૯૨૦ |
| ધાણી | ૨૭૮૦ | ૩૦૫૬ |
| વરીયાળી | ૧૫૭૫ | ૨૦૬૧ |
| જીરૂ | ૩૫૩૫ | ૩૯૫૦ |
| રાય | ૧૩૫૦ | ૧૮૮૦ |
| મેથી | ૯૭૦ | ૨૦૧૨ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| અશેરીયો | ૯૭૫ | ૯૭૫ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૬૨૪ |
| રાયડો | ૧૧૨૦ | ૧૫૨૪ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૦૮૫૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૪૮ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૫૫ | ૯૦૧ |
| પપૈયા | ૨૦૫ | ૪૧૩ |
| બટેટા | ૯૧ | ૨૯૬ |
| ડુંગળી સુકી | ૧૮૦ | ૪૯૧ |
| ટમેટા | ૪૦૧ | ૫૯૬ |
| સુરણ | ૮૧૫ | ૧૦૦૯ |
| કોથમરી | ૫૭૮ | ૯૮૯ |
| મુળા | ૩૮૪ | ૫૯૨ |
| રીંગણા | ૧૧૬ | ૩૫૪ |
| કોબીજ | ૩૦૫ | ૪૪૬ |
| ફ્લાવર | ૫૯૫ | ૭૯૧ |
| ભીંડો | ૮૨૫ | ૧૨૭૮ |
| ગુવાર | ૧૧૩૯ | ૧૬૧૧ |
| ચોળાસીંગ | ૭૭૯ | ૧૧૫૪ |
| ટીંડોળા | ૫૦૬ | ૯૧૧ |
| દુધી | ૩૧૪ | ૫૧૭ |
| કારેલા | ૪૫૪ | ૭૨૬ |
| સરગવો | ૫૯૪ | ૧૨૧૨ |
| તુરીયા | ૭૧૫ | ૧૨૨૪ |
| પરવર | ૧૦૧૪ | ૧૨૫૫ |
| કાકડી | ૪૧૬ | ૬૨૫ |
| ગાજર | ૩૨૧ | ૫૧૪ |
| વટાણા | ૧૬૫૫ | ૨૮૧૨ |
| ગલકા | ૪૧૨ | ૬૪૨ |
| બીટ | ૩૧૪ | ૫૨૬ |
| મેથી | ૮૩૧ | ૧૧૮૩ |
| ડુંગળી લીલી | ૪૩૩ | ૬૪૧ |
| આદુ | ૧૬૪૯ | ૩૫૫૮ |
| મરચા લીલા | ૫૫૧ | ૭૩૩ |
| મકાઇ લીલી | ૧૮૬ | ૩૫૬ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૭૧ | ૧૯૧૧ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૭૪ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૫૮ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૨૬૧ |
| સિંગદાણા જાડા | ૧૪૦૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૩૦૧ | ૧૭૭૧ |
| એરંડા / એરંડી | ૧૨૦૧ | ૧૪૦૧ |
| જીરૂ | ૨૩૫૧ | ૪૦૨૧ |
| ક્લંજી | ૨૪૦૧ | ૩૫૯૧ |
| વરીયાળી | ૧૫૨૬ | ૧૫૨૬ |
| ધાણા | ૨૪૦૧ | ૩૦૮૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૦૯૧ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૫૧૧ |
| અડદ | ૫૦૦ | ૧૮૫૧ |
| તુવેર | ૯૦૦ | ૧૫૮૧ |
| રાયડો | ૭૦૧ | ૧૪૨૧ |
| રાય | ૧૭૩૧ | ૧૭૩૧ |
| મેથી | ૧૦૨૬ | ૧૬૭૬ |
| કાંગ | ૬૬૧ | ૭૪૧ |
| મગફળી જાડી | ૧૦૦૧ | ૧૫૭૧ |
| સફેદ ચણા | ૧૧૭૧ | ૧૯૧૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૧૩૧ |
| બાજરો | ૨૯૧ | ૪૬૧ |
| જુવાર | ૮૦૦ | ૧૨૬૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૩૧ |
| મગ | ૭૨૬ | ૧૭૬૧ |
| ચણા | ૧૦૭૬ | ૧૨૭૧ |
| વાલ | ૩૩૧ | ૧૩૨૧ |
| ચોળા / ચોળી | ૪૭૬ | ૧૫૭૧ |
| સોયાબીન | ૧૧૧૧ | ૧૩૬૧ |
| અજમાં | ૫૨૬ | ૯૦૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૩૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૯૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૩૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૬૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૮૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૮૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૬૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૪ | ૮ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૧૨ |
| કંટોલા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૨ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| ચોરા | ૧૮૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૪૦ |
| આદુ | ૨૦૦ | ૨૬૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૧ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૩૨૫ |
| શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૬૩૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૮૫૦ |
| બાજરો | ૨૩૫ | ૪૬૦ |
| જુવાર | ૩૫૦ | ૧૨૦૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૫૫ |
| મકાઈ | ૩૬૦ | ૫૭૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૨૬૫ |
| સફેદ ચણા | ૮૫૦ | ૧૧૫૦ |
| છોલે ચણા | ૬૪૦ | ૭૪૦ |
| વટાણા | ૫૯૫ | ૫૯૫ |
| તુવેર | ૮૦૦ | ૧૫૧૫ |
| વાલ | ૭૦૦ | ૮૭૫ |
| કપાસ | ૧૧૮૦ | ૧૯૮૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૮૫ |
| જીરૂ | ૧૯૦૦ | ૩૬૩૦ |
| ધાણી | ૨૭૦૦ | ૩૧૦૦ |
| અજમા | ૧૯૦૦ | ૨૫૨૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૫૭૦ |
| સોયાબીન | ૧૧૩૦ | ૧૩૬૦ |
| રજકાનું બી | ૮૫૫૦ | ૮૯૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૪૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૫૮૦ | ૬૮૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શકકરીયા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૫૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૬૭૦ | ૭૮૦ |
| શીંગઓળા | ૯૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૫૦૦ | ૭૧૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચીધડા | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૭૫૦ | ૨૮૫૦ |
| ચોળા લીલા | ૧૦૩૦ | ૧૧૯૦ |
| તુરીયા | ૮૫૦ | ૧૦૩૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૦૦ |
| આદુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૧૦૨૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૮૨૦ | ૯૩૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૮૦ |
| બીટ | ૫૦૦ | ૫૬૦ |
| સરગવો | ૧૦૫૦ | ૧૧૮૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૮૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૧૫૦ | ૧૩૯૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૫૬૦ |
| લસણ સુકું | ૧૪૦૦ | ૨૬૦૦ |
| પાલક | ૬૫૦ | ૭૫૦ |
| લીબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ દાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૫૦ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૭૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૭૫૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૫૦૦ | ૫૪૦ |
| જુવાર | ૬૦૦ | ૧૧૯૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૪૪ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| એરડી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| મેથી | ---- | ૧૩૭૦ |
| રાય/રાયડો | ---- | ૧૭૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૫૨ |
| ઘઉં | ૫૧૫ | ૫૩૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| દાણા | ૧૭૫૦ | ૧૭૯૫ |
| તલ | ૨૨૬૦ | ૨૨૬૦ |
| અડદ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| **બગસરા** | | |
| ઘઉ લોકવન | ૪૦૦ | ૫૧૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૭૫ |
| શીંગદાણા | ૧૫૧૫ | ૧૯૦૦ |
| સોયાબીન | ૧૨૭૦ | ૧૩૨૫ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| એરંડી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| મગ | ૧૩૯૫ | ૧૩૯૫ |
| લશણ | ૮૦૦ | ૮૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૪૦ | ૧૯૪૦ |
| મગફળી | ૧૧૧૦ | ૧૨૬૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૮૦૦ |
| ઘઉ | ૫૧૦ | ૫૨૫ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૦૨૫ | ૧૩૩૮ |
| જુવાર | ૪૩૮ | ૧૧૧૫ |
| બાજરી | ૩૭૦ | ૫૧૩ |
| ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૭૬ |
| અડદ | ૭૫૧ | ૧૮૦૦ |
| મગ | ૫૩૦ | ૧૬૪૫ |
| ચણા | ૯૩૫ | ૧૨૩૬ |
| તલ સફેદ | ૧૯૦૧ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૦૩૨ | ૩૫૮૬ |
| તુવેર | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ડુંગળી લાલ | ૮૦ | ૫૦૧ |
| ડુંગળી સફેદ | ૧૬૧ | ૪૧૭ |
| નાળીયેર | ૬૩૨ | ૨૪૫૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૩૩૯ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૫ | ૫૩૧ |
| ઘઉં | ૪૭૦ | ૫૭૫ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૬૬ |
| અડદ | ૧૩૫૦ | ૧૯૨૮ |
| મગ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૪ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૩૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૬૨૫ |
| સોયાબીન | ૧૨૨૫ | ૧૩૭૯ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૨૦૨૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૩૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૩૮ |
| મગ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૨૭૫ |
| ચોળી | ૧૧૮૦ | ૧૫૯૦ |
| વાલ | ૯૦૫ | ૧૦૫૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૨૮૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૫૫૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૭૦ |
| તલી | ૧૬૦૦ | ૨૪૦૫ |
| તલ કાળા | ૨૧૪૦ | ૩૫૯૦ |
| રાયડો | ૧૪૦૦ | ૧૪૯૫ |
| લસણ | ૮૦૦ | ૨૬૯૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૫૫ |
| અજમો | ૨૨૭૫ | ૩૭૩૫ |
| અજમાની ભૂસી | ૪૦ | ૨૬૮૦ |
| ધાણા-ધાણી | ૨૧૦૦ | ૨૮૨૫ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૪૫૦ |
| ડુંગળી નાસિક | ૩૫૦ | ૫૬૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૨૪૦૦ |
| સોયાબીન | ૧૪૦૦ | ૧૪૪૫ |
| વટાણા | ૪૨૦ | ૬૦૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૪૦૧ |
| તલ કાળા | ૨૫૦૧ | ૨૫૦૧ |
| બાજરો | ૪૨૬ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૪૬ |
| જુવાર | ૬૦૦ | ૧૨૧૦ |
| મગ | ૧૫૦૦ | ૧૫૮૬ |
| અડદ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૮૧૮ | ૧૮૧૮ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |
| શીંગદાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# યુએઈના નામે પાકિસ્તાની ખજૂરની આયાત કરવામાં આવતા કંડલા બંદરે ડીઆઈઆર દ્વારા ૧૩ કન્ટેનર ઝડપાયા

ભુજ,તા.૦૫



**રૂ. ૩ કરોડની ૩૬૪ મેટ્રિક ટન પાકિસ્તાની સૂકી ખજૂર જપ્ત**

પાકિસ્તાનથી આયાત પરના ભારતના પ્રતિબંધને ટાળવા માટે ત્રીજા દેશો મારફતે માલ મોકલવાના ષડયંત્રનો ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. ડીઆરઆઈ અધિકારીઓએ કંડલા બંદર પર યુએઈના નામે લાવવામાં આવેલા ૧૩ કન્ટેનરમાંથી રૂ. ૩ કરોડની કિંમતની ૩૬૪ મેટ્રિક ટન પાકિસ્તાની સૂકી ખજૂર જપ્ત કરી છે.

તપાસમાં સામે આવ્યું કે માલ પ્રથમ પાકિસ્તાનથી દુબઈ લાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ કન્ટેનર બદલીને ભારત મોકલવામાં આવ્યો હતો. આ સિવાય તુતીકોરિન બંદરેથી પણ સોમાલિયાના નામે ઘુસાડાતો પાકિસ્તાની ગુગ્ગુલ ગુંદર જપ્ત કરાયો છે. કસ્ટમ્સ એક્ટ હેઠળ આ જથ્થો જપ્ત કરી બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# અમરેલી-ચાવંડ-ઢસા હાઈવે પર દબાણ દૂર કરવાની કાર્યવાહી ૧૦ ઓગસ્ટથી શરૂ થશે

અમરેલી,તા.૦૫

અમરેલી-ચાવંડ-ઢસા ચોકડીને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-351F) પર રોડ યુઝર્સની સલામતીને ધ્યાનમાં રાખી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI), PIU રાજકોટ દ્વારા રાઈટ ઓફ વે (ROW) વિસ્તારમાં આવેલા તમામ અનધિકૃત દબાણો અને ગેરકાયદેસર બાંધકામો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રોજેક્ટ ડાયરેક્ટર અબ્દુલ્લાહ ખાને નાગરિકો, વેપારીઓ, હોટેલ અને પેટ્રોલ પંપ સંચાલકો સહિત તમામ મિલકત ધારકોને બે દિવસની અંદર સ્વખર્ચે દબાણ દૂર કરવા અપીલ કરી છે. આ અંગે સંબંધિત લોકોને નિયમ મુજબ નોટિસ પણ આપવામાં આવી ચૂકી છે.તેમણે જણાવ્યું કે રાષ્ટ્રીય ધોરીમાર્ગની જમીન જાહેર સંપત્તિ છે અને તેના પર થયેલા દબાણો માર્ગ સલામતી માટે જોખમરૂપ છે. તેથી આવા દબાણો કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬થી સાઈટ એન્જિનિયર વત્સલ પરસાણીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસના સહયોગથી વિશેષ અભિયાન શરૂ કરવામાં આવશે. જેમાં તમામ ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવશે તેમજ કાયદા મુજબ કાર્યવાહી પણ હાથ ધરાશે. NHAIએ સ્પષ્ટ કર્યું છે કે નિર્ધારિત સમય બાદ કોઈ રજૂઆત સ્વીકારવામાં આવશે નહીં. દબાણ દૂર કરવાની કામગીરી દરમિયાન થતો ખર્ચ અને અન્ય જવાબદારી પણ સંબંધિત દબાણકર્તાઓ પાસેથી વસૂલ કરવામાં આવશે. સુરક્ષિત અને અવરોધમુક્ત હાઈવે જાળવવા માટે તમામ નાગરિકોને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

# સેલવાસના બંધ મકાનના બાથરૂમમાં સૂટકેસમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો

વલસાડ,તા.૦૫



દાદરા અને નગર હવેલીના સેલવાસમાં દાન હોટેલ પાછળ આવેલા એક ભાડાના બંધ મકાનમાંથી અસહ્ય દુર્ગંધ આવતાં મકાનમાલિકે તપાસ હાથ ધરી હતી. બાથરૂમમાં રાખેલી સૂટકેસમાંથી એક મહિલાનો અત્યંત સડી ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ થતાં જ સેલવાસ પોલીસ અને ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક મહિલા બિહારની જ્યોતિકુમારી હોવાની આશંકા સેવાઈ રહી છે. બે મહિના પહેલા વતન જવાનું કહીને ગયેલો ભાડૂઆત ફરાર હોય પોલીસે હત્યાનો ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

# અમદાવાદ શહેરમાં સીએનજી ભાવ વધારા સામે રિક્ષાચાલકોની હડતાળ, મુસાફરોને ભારે હાલાકી

**પ્રગતિ રિક્ષા એસોસિએશનની બે દિવસીય હડતાળને મિશ્ર પ્રતિસાદ, ભાડા વધારાની માંગ સાથે ઉગ્ર આંદોલનની ચીમકી**

અમદાવાદ,તા.૦૫



અમદાવાદમાં સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂ.૪નો વધારો થતાં પ્રગતિ રિક્ષા એસોસિએશન દ્વારા આપવામાં આવેલી બે દિવસીય હડતાળને મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. વેજલપુર સહિતના કેટલાક વિસ્તારોમાં રિક્ષાચાલકોએ ચાલુ સેવા રોકી મુસાફરોને રસ્તામાં જ ઉતારી દેતાં લોકોને ભારે હાલાકી વેઠવી પડી હતી. રિક્ષાચાલકોની માગણી છે કે ઈંધણના ભાવવધારા સામે રિક્ષા ભાડામાં વધારાનું સત્તાવાર નોટિફિકેશન તાત્કાલિક બહાર પાડવામાં આવે. જો તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં અન્ય યુનિયનોને સાથે રાખીને વધુ ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી આપવામાં આવી છે.

# ચાંદખેડામાં ૧૦ મિનિટમાં ૨૭.૫૦ લાખની થઈ ચોરી


**ઘરઘાટીએ સફાઈના બહાને ચાવી મેળવી કબાટમાંથી ૭ લાખ રોકડા અને દાગીના ચોરી કરી ફરાર**

અમદાવાદ,તા.૦૫

અમદાવાદના ચાંદખેડા સ્થિત સેરેનિટી સ્પેસ સોસાયટીમાં ઘરકામ માટે રાખેલા યુવકે માત્ર ૧૦ મિનિટમાં અંદાજે ૨૭.૫૦ લાખની રોકડ અને દાગીનાની ચોરી કરી છે. પરિવાર બહારગામ ગયો હોવાથી પડોશી પાસેથી સફાઈના બહાને ચાવી મેળવી આરોપી સુનિલ કલાસવા ઘરમાં પ્રવેશ્યો હતો અને કબાટનું લોકર તોડી ૭ લાખ રોકડા તથા દાગીના ચોરી ગયો હતો. સોસાયટીના સીસીટીવી ફૂટેજમાં આરોપી બે થેલીઓ સાથે બહાર નીકળતો કેદ થયો છે. ચાંદખેડા પોલીસે સુનિલ અને તેના બનેવી રાજુ સામે ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે.

# કોડીનારમાં જુગારના અડ્ડા પર પોલીસનો દરોડો, ત્રણ ઝડપાયા

કોડીનાર,તા.૦૫



કોડીનાર શહેરના હાડીવાસ વિસ્તારમાં જાહેરમાં ચાલી રહેલા જુગારના અડ્ડા પર પોલીસે દરોડો પાડી ત્રણ આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસને જોઈ ચાર આરોપીઓ અંધારાનો લાભ લઈ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે નાલંદા સ્કૂલ નજીક કાર્યવાહી કરવામાં આવી હતી. દરોડા દરમિયાન પોલીસે રૂ.૧૮,૯૦૦ રોકડ તેમજ જુગારમાં વપરાતા ૫૨ ગંજીપત્તાના પાનાં જપ્ત કર્યા હતા. ઝડપાયેલા આરોપીઓ સામે ગુજરાત જુગાર પ્રતિબંધક અધિનિયમની કલમ-૧૨ હેઠળ ગુનો નોંધાયો છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા પોલીસે શોધખોળ શરૂ કરી છે. પોલીસ ઈન્સ્પેક્ટર એન.વી. હરિયાણીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે આ કાર્યવાહી કરી હતી. જિલ્લામાં ગેરકાયદેસર જુગાર અને અન્ય અસામાજિક પ્રવૃત્તિઓ સામે પોલીસની કડક કાર્યવાહી સતત ચાલુ હોવાનું તંત્રએ જણાવ્યું છે.

# કોડીનારના છારા ગામે દરિયામાં ડૂબી જનાર બે કિશોરોના મૃતદેહ મળી આવ્યા

કોડીનાર,તા.૦૫




ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામે દરિયામાં નાહવા ગયેલા પાંચ કિશોરોમાંથી બે કિશોરોના ડૂબી જવાથી કરૂણ મોત થયા છે. જ્યારે અન્ય ત્રણ કિશોરોને સ્થાનિક લોકોની સતર્કતા અને સમયસરની મદદથી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. દરિયામાં ભારે મોજાં અને તેજ પ્રવાહના કારણે બંને કિશોરો લાપતા બન્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસ, સ્થાનિક તંત્ર અને બચાવ ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. બંને કિશોરોની શોધખોળ માટે આખી રાત સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અંતે લાપતા બનેલા કિશોરોમાંથી ભાવેશભાઈ ભરતભાઈ ચુડાસમા (ઉ.વ. ૧૭)નો મૃતદેહ રાત્રિના સમયે શાપુરજી કંપનીની જેટી નજીકથી મળી આવ્યો હતો, જ્યારે નિર્મળ હમીરભાઈ ચુડાસમા (ઉ.વ. ૧૭)નો મૃતદેહ આજે સવારે આશરે ૭:૦૦ વાગ્યે શાપુરજી કંપની નજીકથી જ મળી આવ્યો હતો. બંનેના મૃતદેહો મળી આવતા પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

# ધારીના જસાધાર રેન્જમાં સિંહ પરિવાર માટે વાહનવ્યવહાર રોકી વનવિભાગે સુરક્ષિત રસ્તો આપ્યો

ધારી,તા.૦૫



ગીર પૂર્વ વનવિભાગ ધારીની જસાધાર રેન્જમા આજે વહેલી સવારે પેટ્રોલિંગમા ખિલાવડ ઈટવાયા રોડ પાસે એક નર સિંહ અને બે સિંહણ જોવા મળ્યા હતા. આ સિંહો રસ્તો ક્રોસ કરી રહ્યા હોવાથી વનવિભાગના સ્ટાફે તરત સાવચેતી રાખીને વાહનવ્યવહાર થોડા સમય માટે બંધ કરી દીધો હતો. સિંહોને કાઈ પણ ખલેલ ન પહોંચે અને શાંતિથી રસ્તો પાર કરે તે માટે સારી વ્યવસ્થા કરી હતી. વનવિભાગની સતર્કતાથી ત્રણેય સિંહોએ સુરક્ષિત રસ્તો ક્રોસ કર્યો ત્યારબાદ વાહનવ્યવહાર ચાલુ થયો હતો. આ સમયે વનવિભાગે લોકોને અપીલ કરી કે વન્યપ્રાણી રસ્તો ક્રોસ કરતા હોય ત્યારે વાહન ધીમુ રાખવુ અને હોર્ન વગાડવુ નહિ કે લાઈટ મારીને ફોટા પાડવા નહિ. પ્રાણીઓને સુરક્ષિત રસ્તો આપવાથી માનવ અને વન્યજીવ વચ્ચેનુ સંતુલન જળવાય છે.

# પશ્ચિમ કચ્છમાં દેશી બનાવટની બંદૂક સાથે એક શખ્સ ઝડપાયો

ભુજ,તા.૦૫




પશ્ચિમ કચ્છ જિલ્લામાં ગેરકાયદે હથિયારો સામે ચાલી રહેલી ઝુંબેશ દરમિયાન SOG પશ્ચિમ કચ્છ-ભુજની ટીમે એક વ્યક્તિને દેશી બનાવટની બંદૂક સાથે ઝડપી પાડ્યો છે. માનકુવા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા ધુનારાજા ડેમ નજીક હરિપર ગામની સીમમાં મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. શંકાસ્પદ હિલચાલ જોવા મળતા એક શખ્સને રોકી તેની તલાશી લેવામાં આવી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી કોઈપણ કાયદેસર પરવાનગી વગરની દેશી બનાવટની મજલ લોડ બંદૂક મળી આવી હતી.

# ઉનાના વિદ્યાનગરમાં રેલવે ફાટક નજીક દીપડો દેખાતા લોકોમાં ભય

**રહેવાસીઓએ વન વિભાગ પાસે તાત્કાલિક પાંજરૂં મુકવા માંગ કરી**

ઉના,તા.૦૫



ઉનાના વિદ્યાનગર-૯ હજાર હુડકો સોસાયટી પાસે રેલવે ફાટક નજીક દીપડો બેઠેલો જોવા મળતા લોકોમા ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ગીચ વસ્તીવાળા વિસ્તારમા અચાનક દીપડો આવી ચડતા મોટી સંખ્યામા લોકો એકઠા થઈ ગયા હતા અને થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી.સ્થાનિકોના કહીયા મુજબ આ રહેણાક વિસ્તાર હોય બાળકો અને વૃધ્ધોની સુરક્ષા સામે મોટો પ્રશ્ન ઉભો થયો છે. આ ઘટનાની જાણ થતા જ લોકોએ વન વિભાગને જાણ કરી હતી. લોકોએ માંગ કરી છે કે વન વિભાગ દ્વારા આ વિસ્તારમા નાઈટ પેટ્રોલિંગ વધારવામા આવે અને દીપડાને જલ્દીથી પાંજરે પુરીને સુરક્ષીત જગ્યાએ ખસેડાય.

# ઉનામાં પોલીસનુ મોટુ મેગા કોમ્બિંગ ઓપરેશન ૨૧ આરોપીઓ પકડાયા

ઉના,તા.૦૫



તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર સોમનાથ જીલ્લામાં ગેરકાયદેસર કામો રોકવા માટે ઉના શહેરમાં પોલીસે મોટુ મેગા કોમ્બિંગ અને વાહન ચેકીંગ કર્યુ છે. આ કામગીરીમા એલસીબી એસઓજી અને ઉના પોલીસની ટીમે શહેરના અલગ અલગ વિસ્તારમાં સાથે મળીને દરોડા પાડીને કુલ ૨૧ આરોપીને પકડી લીધા છે. પોલીસ દ્વારા પ્રોહિબિશન હથિયાર ધારા અને ટ્રાફિકના નિયમો તોડવા બદલ જુદા જુદા કેસો કાગળ પર લેવામા આવ્યા છે. ઉના વિભાગના ડીવાયએસપી એમ. એફ. ચૌધરી ના માર્ગદર્શનમાં પીઆઈ કે. આઈ. જાડેજા અને એલસીબી પીઆઈ એમ. કે. વણારકા દ્વારા આ ઓપરેશન ગોઠવવામાં આવ્યુ હતુ. પોલીસની બધી ટીમોએ બુટલેગરો અને જુના ગુનેગારો તેમજ હિસ્ટ્રીશીટરો ઉપર ખાસ નજર રાખીને સંવેદનશીલ વિસ્તારમાં સરપ્રાઈઝ ચેકિંગ કરીને ગુનેગારોમાં ભારે ફફડાટ ફેલાવી દીધો છે. પોલીસની આ આક્રમક કાર્યવાહીથી ગુનાખોરી આચરતા તત્વોમાં મોટો ભયનો માહોલ ઉભો થવા પામ્યો છે અને આગામી સમયમાં પણ આવી ચેકિંગ ચાલુ રહેશે તેવુ જાણવા મળ્યુ છે.

**દારૂ હથિયાર અને ટ્રાફીકના નિયમ ભંગ બદલ કેસો દાખલ કરાયા**


-:: જાહેર નોટીસ ::-

**શ્રી એમ.ડી.ભાલોડી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ**

નં.એમ.એ.જી/જન્મ-મરણ/રજી.કેસ નં.૨૨/૨૬ તા.૩૦/૦૭/૨૦૨૬

અરજદાર:- મંજુલાબેન હીપાભાઈ ખસીયા વા/ઓ.શંભુભાઈ
રહે.ધારેશ્વર, તા.રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી
પીપળવા,તા.ખાંભા

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મંજુલાબેન હીપાભાઈ ખસીયાના જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ના રોજ પીપળવા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતા ને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટારશ્રીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોવાનુ જણાવી, જન્મ/મરણની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખ થી દિન-૩૦ સુધીમાં અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોને નોંધ લેવી.

આજ તારીખ:-૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી.
(એમ.ડી.ભાલોડી)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ખાંભા તાલુકા



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.277/2026
જન્મ તારીખ: 21/02/2020

રેખાબેન લખમણભાઈ વેગળ,
રહે ભાડા, ગામ-ભાડા, તાલુકો-જાફરાબાદ
જિલ્લો- અમરેલી

......... અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેળવા, તા, કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રેખાબેન લખમણભાઈ વેગળ, રહે. ભાડા, તાલુકો-જાફરાબાદ જિલ્લો- અમરેલી વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી લખમણભાઈ લાખાભાઈ વેગળ તથા રેખાબેન લખમણભાઈ વેગળ ના પુત્ર જીહાન લખમણભાઈ વેગળનો જન્મ તારીખ 21/02/2020ના રોજ કોડીનાર તાલુકાના વેળવા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪/૦૮/ ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# કલમ ૩૭૦ નાબૂદ થયાને ૭ વર્ષ પછી જમ્મુ-કાશ્મીરમાં વિકાસનો નવો યુગ : મોદી

નવી દિલ્હી, તા.૦૫

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫(એ) નાબૂદ થયાને આજે સાત વર્ષ પૂર્ણ થયા છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ૫ ઓગસ્ટ, ૨૦૧૯નો નિર્ણય જમ્મુ-કાશ્મીર અને લદાખના વિકાસના નવા અધ્યાયની શરૂઆત હતો. તેમણે કહ્યું કે છેલ્લા સાત વર્ષમાં બંને કેન્દ્રશાસિત પ્રદેશોમાં માર્ગ, આરોગ્ય,



શિક્ષણ, ઉદ્યોગસાહસિકતા અને રમતગમત સહિતના ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ થયો છે. મહિલાઓ અને વર્ષો સુધી બંધારણીય અધિકારોથી વંચિત રહેલા વર્ગોને હવે સંપૂર્ણ અધિકારો મળ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું. વડાપ્રધાને ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતિનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તેમનું રાષ્ટ્રીય એકતાનું સ્વપ્ન ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના નિર્ણયથી સાકાર થયું. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ આ દિવસને ભારતની એકતા, અખંડિતતા અને વિકાસ માટે ઐતિહાસિક ગણાવ્યો અને જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા સાત વર્ષ દરમિયાન શાંતિ અને વિકાસની નવી દિશા જોવા મળી હોવાનું જણાવ્યું.

# RBIએ આર્થિક સ્થિતિઓને ધ્યાનમાં રાખીને રેપો રેટ ૫.૨૫ ટકા પર યથાવત રાખ્યો

મુંબઈ,તા.૦૫

ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિએ વર્તમાન આર્થિક સ્થિતિઓને ધ્યાનમાં રાખીને રેપો રેટ ૫.૨૫ ટકા પર સ્થિર રાખવાનો નિર્ણય કર્યો છે.

આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ એમપીસી બેઠકના નિર્ણયો જાહેર કરતા જણાવ્યું કે વ્યાજ દરો પર તટસ્થ વલણ જાળવી રાખવામાં આવ્યું છે.




નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે જીડીપી વૃધ્ધિનો અંદાજ વધારીને ૬.૭ ટકા કરાયો છે, જ્યારે છૂટક ફુગાવાનો અંદાજ ઘટાડીને ૫.૦૦ ટકા રખાયો છે. ગવર્નરના જણાવ્યા મુજબ ખાદ્ય અને બળતણ ફુગાવાને કારણે છૂટક ફુગાવો અપેક્ષા કરતાં વધુ રહ્યો છે. ચોમાસાની અનિશ્ચિતતા અને પશ્ચિમ એશિયામાં સંઘર્ષ જેવા વૈશ્વિક પડકારો છતાં, મજબૂત સ્થાનિક માંગને કારણે ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહ્યું છે.

ફુગાવો ત્રીજા ક્વાર્ટરમાં ટોચ પર પહોંચ્યા બાદ ઘટવાની ધારણા છે. એમપીસીની આગામી સમીક્ષા બેઠક ઓક્ટોબરમાં યોજાશે.

# મહારાષ્ટ્રમાં રેસિડેન્ટ ડોક્ટરોની અનિશ્ચિત મુદતની હડતાળ, ઓપીડી સેવાને થશે અસર


મુંબઈ, તા.૦૫

મહારાષ્ટ્ર એસોસિએશન ઓફ રેસિડેન્ટ ડોક્ટર્સ (MARD) એ ૫ ઓગસ્ટની મધ્યરાત્રિથી રાજ્યવ્યાપી અનિશ્ચિત મુદતની હડતાળની જાહેરાત કરી છે. આ નિર્ણયના કારણે મુંબઈની કેઈએમ, સાયન, નાયર અને જેજે સહિતની તમામ સરકારી મેડિકલ કોલેજાઓમાં ઓપીડી સેવાઓ બંધ રહેશે, જ્યારે ઈમરજન્સી સેવાઓ પ્રથમ ૨૪ કલાક સુધી ચાલુ રહેશે. હોમિયોપેથીના ડોક્ટરોને સર્ટિફિકેટ કોર્સ ઈન મોડર્ન ફાર્માકોલોજી પૂર્ણ કર્યા બાદ આધુનિક દવાઓ લખવાની મંજૂરી આપતી પ્રક્રિયાના વિરોધમાં આ હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. એમએઆરડીનું કહેવું છે કે સરકાર સાથે અનેક ચર્ચાઓ છતાં સંતોષકારક ઉકેલ મળ્યો નથી અને મામલો હાલ અદાલતમાં વિચારાધીન છે. સંગઠને કોર્ટનો અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી નોંધણી પ્રક્રિયા સ્થગિત રાખવાની માંગ કરી છે.

# જમ્મુ-કાશ્મીરમાં વાદળ ફાટવાની ઘટનાઓથી તબાહી, અનેક જિલ્લાઓમાં પૂર અને ભૂસ્ખલનનો કહેર

શ્રીનગર, તા.૦૫

જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ, વાદળ ફાટવાની ઘટનાઓ અને અચાનક આવેલા પૂરના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં કાશ્મીર અને લદાખમાં આઠ સ્થળે વાદળ ફાટતાં બે લોકોના મોત થયા છે, જ્યારે અનેક મકાનો, રસ્તાઓ અને જાહેર સંપત્તિને ભારે નુકસાન પહોંચ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં



જમ્મુ-કાશ્મીરમાં વાદળ ફાટવાની ૩૭થી વધુ ઘટનાઓ નોંધાઈ છે, જેમાં આશરે ૩૩ લોકોના મોત થયા છે. પૂંછ, રાજૌરી, કઠુઆ, ડોડા, કિશ્તવાડ, શોપિયા અને કુપવાડા સહિતના જિલ્લાઓ સૌથી વધુ અસરગ્રસ્ત બન્યા છે. પર્યાવરણ નિષ્ણાતોએ વધતી જતી આવી ઘટનાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને સરકારને અસર ઘટાડવા માટે લાંબા ગાળાના પગલાં લેવા સૂચન કર્યું છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. આપત્તિ વ્યવસ્થાપન વિભાગે પૂર અને ભૂસ્ખલન સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવા તેમજ હવામાન વિભાગની સૂચનાઓનું કડક પાલન કરવાની અપીલ કરી છે.

# દેશભરના ૩.૫ લાખ ગામોમાં સંતોને મોકલી જનજાગૃતિ અભિયાન ચલાવાશે : વિહિપ

નવી દિલ્હી, તા.૦૫

વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ)એ દેશભરના અંદાજે ૩.૫ લાખ ગામોમાં સંતો અને સાધુઓને મોકલી જનજાગૃતિ અભિયાન ચલાવવાની જાહેરાત કરી છે. વિહિપના જણાવ્યા મુજબ, સંસદ પરિસરમાં સંતના વેશમાં વિરોધ પ્રદર્શન કરનાર સાંસદ પપ્પુ યાદવ અને કેટલાક વિપક્ષી નેતાઓના વર્તન અંગે લોકોને માહિતગાર કરવાનો આ અભિયાનનો હેતુ છે. વિહિપના વિદર્ભ મહાસચિવ હેમંત જાંબેકરે દાવો કર્યો કે સંતો અને સાધુઓ ગામડે-ગામડે જઈ ભગવા વસ્ત્રો અને સંત પરંપરાને બદનામ કરવાના પ્રયાસો અંગે લોકોને જાગૃત કરશે. તેમણે જણાવ્યું કે વિદર્ભના આશરે ૩,૫૦૦ ગામોમાં પણ આ અભિયાન હાથ ધરાશે. જોકે, આ નિવેદનો વિહિપના દાવા છે અને સંબંધિત પક્ષોએ આ અંગે અલગ અભિપ્રાય વ્યક્ત કર્યો છે.

# દેશના ઉત્તર અને દક્ષિણ રાજ્યોમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

નવી દિલ્હી, તા.૦૫

દેશના વિવિધ રાજ્યોમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદી માહોલ યથાવત છે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, હિમાચલ પ્રદેશ, હરિયાણા, પંજાબ, કેરળ તેમજ ઉત્તર-પૂર્વના અનેક રાજ્યોમાં આગામી દિવસોમાં ભારે વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની ચેતવણી આપી છે. ૬થી



૮ ઓગસ્ટ દરમિયાન ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જ્યારે છત્તીસગઢ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં પણ વરસાદી માહોલ ચાલુ રહેવાનો અંદાજ છે. કેરળના આઠ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કેરળમાં ભારે વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૨૫ લોકોના મોત થયા છે, જ્યારે અનેક મકાનોને નુકસાન પહોંચ્યું છે અને હજારો લોકોને રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે. ઓડિશા અને ગુજરાતના અનેક વિસ્તારોમાં પણ પૂરનું પાણી ભરાતા જનજીવન પ્રભાવિત બન્યું છે.

# સિધ્ધિવિનાયક મંદિરના છેલ્લા પાંચ વર્ષના દાનનું ખાસ ઓડિટ થશે : ના. મુખ્યમંત્રી એકનાથ શિંદે

મુંબઈ, તા.૦૫

મુંબઈના પ્રસિધ્ધ શ્રી સિધ્ધિવિનાયક ગણપતિ મંદિરમાં મળેલા દાનની પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ છેલ્લા પાંચ વર્ષના દાનનું વિશેષ ઓડિટ કરવાનો આદેશ આપ્યો છે. આ ઓડિટ દરમિયાન રોકડ દાન, સોના-ચાંદીના દાગીના, અન્ય કિંમતી વસ્તુઓ તેમજ નાણાકીય



વ્યવહારો અને તેમની જાળવણીની વિગતવાર તપાસ કરવામાં આવશે. સરકારના જણાવ્યા મુજબ, ઓડિટનો હેતુ મંદિરના દાન વ્યવસ્થાપનમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાનો છે. ઓડિટ રિપોર્ટ મળ્યા બાદ જો કોઈ નાણાકીય ગેરરીતિ અથવા નિયમોનું ઉલ્લંઘન સામે આવશે તો સંબંધિત જવાબદાર વ્યક્તિઓ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ નિર્ણય પહેલાં સિધ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ સદા સર્વાંકરે એકનાથ શિંદે સાથે મુલાકાત કરી હતી. સિધ્ધિવિનાયક મંદિરને લઈને લેવામાં આવેલો આ નિર્ણય મંદિરના વહીવટમાં વિશ્વાસ અને પારદર્શિતા વધારવાના મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવી રહ્યો છે.

# ત્રિરંગો ઉંધો પકડવાના વિવાદમાં મહેબૂબા મુફ્તી સામે કાનૂની કાર્યવાહી થાય તેવી સંભાવના

શ્રીનગર, તા.૦૫

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP)ના અધ્યક્ષ મહેબૂબા મુફ્તી શ્રીનગરમાં યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન રાષ્ટ્રીય ધ્વજ ઊંધો પકડવાના મામલે વિવાદમાં આવ્યા છે. કલમ ૩૭૦ અને ૩૫(એ)ના રદબાતલના વિરોધમાં યોજાયેલા ધરણા દરમિયાન થયેલી



આ ઘટનાને લઈને અધિકારીઓ કાનૂની કાર્યવાહી અંગે વિચારણા કરી રહ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ત્રિરંગો ભૂલથી ઊંધો પકડાયો હોવાની શક્યતા છે. ભારતની ફ્લેગ કોડ મુજબ રાષ્ટ્રીય ધ્વજનું અયોગ્ય પ્રદર્શન નિયમોનું ઉલ્લંઘન ગણાય છે. જોકે, આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર કેસ નોંધાયો હોવાની પુષ્ટિ કરવામાં આવી નથી. મહેબૂબા મુફ્તી અગાઉ પણ પોતાના કેટલાક નિવેદનોને લઈને ચર્ચામાં રહ્યા હતા.

# રૂ. ૨,૦૦૦થી વધુના વેપારી UPI વ્યવહારો પર ફી લાગવાની શક્યતા

નવી દિલ્હી, તા.૦૫

કેન્દ્ર સરકાર રૂ. ૨,૦૦૦થી વધુના વેપારી UPI વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવાની શક્યતા પર વિચાર કરી રહી છે. પ્રસ્તાવ મુજબ વેપારીઓ પાસેથી ૦.૨૫થી ૦.૪૦ ટકા સુધી ફી વસૂલવાની મંજૂરી મળી શકે છે. જોકે, એક વ્યક્તિના UPI ખાતામાંથી બીજા વ્યક્તિના UPI ખાતામાં થતી સામાન્ય ટ્રાન્સફર પર કોઈ શુલ્ક લાગશે નહીં. નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં રજૂ કરેલા કરવેરા અને અન્ય કાયદા (સુધારા) બિલમાં આ માટેનો માર્ગ મોકળો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સરકારનું કહેવું છે કે હજુ અંતિમ નિર્ણય લેવાયો નથી. અંદાજ મુજબ ૯૫ ટકા UPI વ્યવહારો પર કોઈ અસર નહીં થાય અને દૈનિક નાની ચૂકવણીઓ પણ યથાવત નિઃશુલ્ક રહેશે.

# અબુ ધાબીથી ઈન્દોર આવેલા મુસાફર પાસેથી રૂ. ૨ કરોડનું ૧ કિલો સોનું જપ્ત

ઈન્દોર, તા.૦૫


દેવી અહિલ્યાબાઈ હોલકર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ મોટી કાર્યવાહી કરીને અબુ ધાબીથી આવેલા એક મુસાફર પાસેથી આશરે ૧ કિલો સોનું જપ્ત કર્યું છે. જપ્ત કરાયેલા સોનાની કિંમત અંદાજે રૂ. ૨ કરોડ હોવાનું માનવામાં આવે છે. ગુપ્ત માહિતીના આધારે મુસાફરની તપાસ દરમિયાન સોનું મળી આવ્યું હતું. હાલ DRI સમગ્ર દાણચોરી નેટવર્ક, સોનાના અંતિમ ગંતવ્ય અને સંભવિત સંડોવણી અંગે પૂછપરછ કરી રહી છે. એરપોર્ટના CCTV ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે તપાસ આગળ વધારવામાં આવી રહી છે. અધિકારીઓએ તપાસ પૂર્ણ થયા બાદ વધુ વિગતો જાહેર કરવાની વાત કરી છે.



# યમન નજીક લાલ સાગરમાં ભારતીય જહાજ પર હુતીઓનો હુમલો, ૧૩ ભારતીયો સુરક્ષિત

નવી દિલ્હી, તા.૦૫

યમન નજીક લાલ સાગરમાં ભારતીય ધ્વજવાળા વેપારી જહાજ સ્જીફ ફૈઝ-એ-નૂર-એ-ઔલિયા પર હુતી વિદ્રોહીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે. પ્રાથમિક અહેવાલ મુજબ વિસ્ફોટકોથી ભરેલી એક આત્મઘાતી બોટ જહાજ સાથે અથડાતા ભારે વિસ્ફોટ થયો હતો. આ ઘટનાના કારણે



જહાજને ગંભીર નુકસાન પહોંચ્યું અને તે બાદમાં દરિયામાં ડૂબી ગયું. જોકે જહાજમાં સવાર તમામ ૧૩ ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. ભારતના વિદેશ મંત્રાલયે આ હુમલાની કડક નિંદા વ્યક્ત કરી છે. મંત્રાલયે જણાવ્યું છે કે રિયાદ સ્થિત ભારતીય દૂતાવાસ સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને યમનના સંબંધિત અધિકારીઓ સાથે સંપર્કમાં રહી ક્રૂ સભ્યોની સુરક્ષા અને જરૂરી સહાય સુનિશ્ચિત કરવા માટે કામગીરી કરી રહ્યું છે.

# છેલ્લા ૩-૪ વર્ષમાં ૩૦થી વધુ આતંકવાદીઓની થયેલી હત્યામાં ભારતનો હાથ : લશ્કર કમાન્ડર

મુઝફ્ફરાબાદ, તા.૦૫

પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના એક ટોચના કમાન્ડરે દાવો કર્યો છે કે છેલ્લા ત્રણથી ચાર વર્ષ દરમિયાન પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં "અજાણ્યા બંદૂકધારીઓ" દ્વારા સંગઠન સાથે સંકળાયેલા ૩૦થી વધુ આતંકવાદીઓની હત્યા કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક



વીડિયોમાં કમાન્ડર રિઝવાન હનીફે આ ઘટનાઓ માટે ભારતીય ગુપ્તચર એજન્સીઓ પર આરોપ મૂક્યો હોવાનું કહેવાય છે. જોકે, વીડિયોની સત્યતા સ્વતંત્ર રીતે ચકાસવામાં આવી નથી. હનીફના જણાવ્યા મુજબ, રાવલપિંડી, કરાચી, પેશાવર, રાવલકોટ અને મુઝફ્ફરાબાદ સહિતના વિસ્તારોમાં આ હત્યાઓ થઈ છે. બીજી તરફ, ભારતે પાકિસ્તાન પર લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનોને આશ્રય આપવાનો આરોપ વારંવાર મૂક્યો છે, જ્યારે પાકિસ્તાન આ આરોપોને નકારે છે. આંતરરાષ્ટ્રીય અહેવાલોમાં પણ પાકિસ્તાનની આતંકવાદી સંગઠનો સામેની કાર્યવાહી અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. જોકે, વીડિયોમાં કરાયેલા દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

# વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭ માટે CM ભૂપેન્દ્ર પટેલ ૧૭ ઓગસ્ટથી અમેરિકા-કેનેડા પ્રવાસે

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જાપાન અને યુરોપના પ્રવાસે જશે**

ગાંધીનગર,તા.૦૫



વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ને વધુ ભવ્ય અને સફળ બનાવવા રાજ્ય સરકારે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ ૧૭ ઓગસ્ટથી અમેરિકા અને કેનેડાના આશરે ૧૦ દિવસના પ્રવાસે જશે. પ્રવાસ દરમિયાન વિવિધ ઉદ્યોગપતિઓ, રોકાણકારો અને બિઝનેસ પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ગુજરાતમાં રોકાણની તકો અંગે ચર્ચા કરવામાં આવશે. રાજ્ય સરકાર વિવિધ દેશોમાં બિઝનેસ રોડ શોનું પણ આયોજન કરશે. બીજી તરફ હર્ષ સંઘવીના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ જાપાન અને યુરોપના દેશોની મુલાકાત લઈને સંભવિત રોકાણકારો સાથે ચર્ચા કરશે. ઈન્ડેક્સ-બી દ્વારા પ્રવાસ અને કાર્યક્રમોની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકારનો પ્રયાસ ગુજરાતને વૈશ્વિક રોકાણ માટે વધુ આકર્ષક કેન્દ્ર તરીકે રજૂ કરવાનો અને આગામી સમિટમાં વધુમાં વધુ આંતરરાષ્ટ્રીય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે.

# અમદાવાદના વેજલપુર કસ્ટોડિયલ ડેથ કેસમાં પોલીસ અધિકારીઓ સામે હત્યાનો ગુનો નોંધાયો

**સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કાર્યવાહી, પરિવારનો પોલીસ મારપીટ અને દવાનો ઓવરડોઝ આપ્યાનો આક્ષેપ**

અમદાવાદ,તા.૦૫



અમદાવાદના વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગૌમાંસ સંબંધિત કેસમાં ઝડપાયેલા જહીરુદ્દીન શેખના કસ્ટોડીમાં થયેલા મોતના મામલે મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ વેજલપુર પોલીસ સ્ટેશનના જવાબદાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે હત્યા, દુષ્પ્રેરણા સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. મૃતકના પરિવારે આરોપ લગાવ્યો છે કે જહીરુદ્દીનને પોલીસ કસ્ટડી દરમિયાન ક્રૂર રીતે માર મારવામાં આવ્યો હતો અને બળજબરીપૂર્વક દવાઓનો ઓવરડોઝ અપાયો હતો, જેના કારણે તેમનું મોત થયું હતું. પરિવારે અગાઉ પણ ગેરકાયદે કસ્ટડીમાં રાખવા, ધરપકડની જાણ ન કરવા અને પરિવાર સાથે દુર્વ્યવહાર કરવાનો આક્ષેપ કર્યો હતો. મૃતકના પુત્ર તોફીક શેખે પોલીસ કર્મચારીઓએ ગુનાહિત કાવતરાના ભાગરૂપે ૧૦૦ ગોળીઓ ખવડાવ્યાનો પણ ગંભીર આરોપ લગાવ્યો છે. કેસમાં ગુનો નોંધાતા પોલીસ વિભાગમાં ભારે ચર્ચા અને ખળભળાટ મચ્યો છે.

# અર્જુન મોઢવાડિયાએ પીએમ મોદી સાથે નવી દિલ્હીમાં કરી સૌજન્ય મુલાકાત

ગાંધીનગર,તા.૦૫



ગુજરાત સરકારના મંત્રી અર્જુન મોઢવાડિયાએ નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે પોરબંદરમાં રૂ.૨૭,૫૦૦ કરોડના ખર્ચે બનનારા મેગાશિપ બિલ્ડિંગ યાર્ડ પ્રોજેક્ટને મંજૂરી આપવા માટે વડાપ્રધાનનો આભાર વ્યક્ત કર્યું હતું. તેમણે વડાપ્રધાનને પરંપરાગત પાઘડી પહેરાવીને સન્માનિત કર્યા. આ પ્રોજેક્ટથી મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઊભી થશે અને દરિયાઈ વેપારને વેગ મળશે. મુલાકાતમાં પોરબંદરના વિવિધ વિકાસકાર્યો અંગે પણ વિગતવાર ચર્ચા થઈ હતી.

# સુરતમાં VHP અને ભારત સાધુ સમાજનો વિરોધ, પપ્પુ યાદવ સામે કાર્યવાહી કરવાની માંગ

સુરત,તા.૦૫




સુરત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે વિશ્વ હિંદુ પરિષદ (VHP) અને ભારત સાધુ સમાજના સંયુક્ત ઉપક્રમે વિરોધ પ્રદર્શન યોજાયું હતું. સંસદ પરિસરમાં સાંસદ પપ્પુ યાદવ દ્વારા સંતના વેશમાં દાનપેટી સાથે થયેલા વિરોધથી ધાર્મિક લાગણી દુભાઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. સાધુ-સંતો અને VHPના કાર્યકરોએ હાથમાં બેનરો અને પ્લેકાર્ડ સાથે કલેક્ટર કચેરી બહાર સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ દરમિયાન 'પપ્પુ યાદવને સંસદમાંથી દૂર કરો' અને 'પપ્પુ યાદવ મુર્દાબાદ' જેવા નારા લગાવવામાં આવ્યા હતા. સાધુ-સંતોની હાજરીમાં કલેક્ટર મારફતે દેશના રાષ્ટ્રપતિને સંબોધીને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. વિરોધકર્તાઓએ પપ્પુ યાદવ સહિત કેટલાક વિપક્ષી નેતાઓ સામે પણ આક્રોશ વ્યક્ત કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી.

# નડિયાદની માધવ હોસ્પિટલમાં યુવકના મોત બાદ પરિવારજનોએ કર્યો હોબાળો

નડિયાદ,તા.૦૫



નડિયાદની માધવ હોસ્પિટલમાં અકસ્માતમાં ઈજાગ્રસ્ત ૨૦ વર્ષીય ધર્મેશ બારૈયાનું સારવાર દરમિયાન મોત થતાં વિવાદ સર્જાયો છે. પરિવારજનોએ ડો. ભાર્ગવ દેસાઈ સામે ગંભીર બેદરકારીના આક્ષેપ કર્યા હતા. જોકે, તબીબે તમામ આક્ષેપો ફગાવી સારવારમાં યોગ્ય પ્રક્રિયા કરી હોવાનું જણાવ્યું હતું. હાલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી એફએસએલ તપાસ શરૂ કરી છે.

# વંથલી નજીક ગેરકાયદે બાયોડીઝલ પંપ પર તંત્રના દરોડા, ૧૦ હજાર લીટર શંકાસ્પદ જથ્થો સીઝ

જૂનાગઢ,તા.૦૫



જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના કણજાધાર ગામ નજીક ગેરકાયદે રીતે ચાલતા બાયોડીઝલ પંપ પર મહેસૂલ અને પુરવઠા વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી છે. 'દસ્તક બાયોડીઝલ પેટ્રોલિયમ' નામના પંપ પર કોઈપણ માન્ય પરવાનગી વિના બાયોડીઝલનું વેચાણ થતું હોવાની ચોક્કસ બાતમી મળતા પ્રાંત અધિકારી અને મામલતદારની સંયુક્ત ટીમે ઓચિંતો દરોડો પાડ્યો હતો.

આ તપાસ દરમિયાન સ્થળ પરથી અંદાજે ૧૦ હજાર લીટર શંકાસ્પદ પેટ્રોલિયમ જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત ઈંધણ આપવા માટે વપરાતી ડિસ્પેન્સિંગ નોઝલ, પંપ મશીન અને સ્ટોરેજ ટેન્ક સહિત કુલ રૂ.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. તંત્રે સ્થળ પર કાર્યવાહી કરીને સમગ્ર પંપને સીલ કરી દીધો છે. આ સાથે શંકાસ્પદ બાયોડીઝલના નમૂનાઓ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા આ ગેરકાયદે પંપના સંચાલકો અને જથ્થો પૂરો પાડનાર નેટવર્ક સામે કડક કાયદાકીય તપાસ શરૂ કરવામાં આવી છે.

# અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦નું કાઉન્ટડાઉન: મુખ્યમંત્રીને સુપ્રત કરાયો ફ્લેગ


ગાંધીનગર,તા.૫



વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સનું અમદાવાદ ખાતે સફળ આયોજન કરવા માટે ગુજરાત સરકારે વ્યાપક તૈયારીઓ આરંભી છે. ગ્લાસગો ૨૦૨૬ના સમાપન સમારોહ અને ફ્લેગ એક્સચેન્જ બાદ ગ્લાસગો ડેલિગેશન તેમજ ગુજરાતના એથલીટો અને પેરા-એથલીટોએ કેબિનેટ બેઠક દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને વિધિવત રીતે કોમનવેલ્થ ફ્લેગ સુપ્રત કર્યો હતો. રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે રાજ્ય સરકાર, કોમનવેલ્થ ફેડરેશન, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંકલન સાથે આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરી રહી છે.આ આયોજનથી ગુજરાતના યુવા ખેલાડીઓને આધુનિક સુવિધાઓ, શ્રેષ્ઠ તાલીમ અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવાની નવી તકો પ્રાપ્ત થશે. રાજ્યમાં રમતગમતની સંસ્કૃતિને વધુ મજબૂત બનાવવા માટે તમામ જિલ્લા કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને વધુ સક્રિય કરવામાં આવશે. સ્થાનિક ખેલાડીઓ વધુ સંખ્યામાં જોડાય અને તેમને સ્પર્ધાત્મક માહોલ મળે તે માટે નવી યોજનાઓ ઝડપથી અમલી બનાવાશે.

# વડોદરામાં એલસીબીએ સ્કોર્પિયો કારમાંથી એમડી ડ્રગ્સ સાથે દંપતી ઝડપી પાડ્યુ

વડોદરા,તા.૦૫




વડોદરા શહેર લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન-૪ની ટીમે બાતમીના આધારે ગોલ્ડન ચોકડી નજીકથી એક સ્કોર્પિયો કારને અટકાવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મધ્યપ્રદેશના મંદસૌરના અય્યુબખાન અને તેની પત્ની નાઝમીન પાસેથી ૧.૩૯૬ કિલો મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે રૂ. ૪૧.૯૦ લાખની કિંમતનું ડ્રગ્સ, કાર, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ રૂ. ૫૭.૧૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ ડ્રગ્સ મંદસૌરના જાફર પાસેથી મેળવી અમદાવાદના રવિ નામના શખ્સને પહોંચાડવાનું હતું. પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ દંપતીની ધરપકડ કરી ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# અમદાવાદ અને જામનગરમાં વરસાદી માહોલ બાદ રોગચાળો ફાટી નિકળ્યો

અમદાવાદ,તા.૦૫



અમદાવાદમાં વરસાદી માહોલ બાદ તાવ, ઝાડા-ઉલ્ટી, ડેન્ગ્યુ અને મલેરિયાના દર્દીઓની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે. સોલા સિવિલ હોસ્પિટલમાં જ ૧૩,૬૯૦થી વધુ કેસો નોંધાઈ ચૂક્યા છે, જેના કારણે દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે. બીજી તરફ, રોગચાળો અટકાવવા જામનગર મહાનગરપાલિકાની ૧૬૪ ટીમોએ ૯૧,૧૨૬ ઘરોમાં સઘન સર્વે હાથ ધર્યો હતો. આ સર્વે દરમિયાન ૧,૫૪૩ ઘરોમાંથી મચ્છરના લાર્વા મળી આવતા તેમનો નાશ કરાયો હતો અને ક્લોરીન ટેબ્લેટ્સ તથા ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમદાવાદમાં સીએસસી આઈડી હેક કરી વેપારી સાથે રૂ. ૭૧.૭૯ લાખની છેતરપિંડી

અમદાવાદ,તા.૦૫




અમદાવાદના નારોલ વિસ્તારમાં સાયબર ક્રાઈમનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. લાંભા વિસ્તારમાં રહેતા અને સ્પેરપાર્ટ્સના વ્યવસાય સાથે સીએસસી આઈડી મારફતે ટિકિટ બુકિંગનું કામ કરતા વેપારી સાથે રૂ. ૭૧.૭૯ લાખની છેતરપિંડી થઈ છે. વેપારીએ વર્ષ ૨૦૨૬માં ટિકિટ બુકિંગનો વ્યવસાય બંધ કરી દીધો હતો, પરંતુ બાદમાં એકાઉન્ટમાં શંકાસ્પદ વ્યવહારો જણાયા હતા. તપાસ કરતા માલૂમ પડ્યું કે અજાણ્યા સાયબર ઠગે વેપારીની સીએસસી આઈડી હેક કરી તેમાં પોતાનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ રજિસ્ટર કરી દીધા હતા. ત્યારબાદ ઠગે આ આઈડીનો ગેરકાયદે ઉપયોગ કરીને રૂ. ૭૧.૭૯ લાખના મોબાઈલ રિચાર્જ કર્યા હતા. ફ્રોડની જાણ થતાં વેપારીએ નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટેકનિકલ પુરાવાના આધારે તપાસ હાથ ધરી છે.




# મહેસાણાના સરકારી ચિલ્ડ્રન હોમમાંથી ૧૩ વર્ષીય કિશોર ગુમ થતા ચકચાર

મહેસાણા,તા.૦૫



મહેસાણા જિલ્લામાં નુગર નજીક આવેલા સરકારી ચિલ્ડ્રન હોમમાંથી ૧૩ વર્ષીય કિશોર રહસ્યમય રીતે ગુમ થતાં ચકચાર મચી ગઈ છે. રાત્રિના સમયે કિશોરે નાઈટ વોચમેનને ટોયલેટ જવાનું કહી બહાર જવાની પરવાનગી લીધી હતી, પરંતુ ત્યારબાદ તે પરત આવ્યો ન હતો. લાંબા સમય સુધી બાળક ન મળતાં સંસ્થાના સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી.

ચિલ્ડ્રન હોમમાં સ્ટાફ હાજર હોવા છતાં બાળક કેવી રીતે ગાયબ થઈ ગયો તે અંગે સંસ્થાની સુરક્ષા અને બેદરકારી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ ઘટના અંગે ચિલ્ડ્રન હોમના કાઉન્સિલરે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુમ થયેલા કિશોરની શોધખોળ હાથ ધરી આસપાસના વિસ્તારોમાં તપાસ તેજ કરી છે.

